શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

શ્રી શત્રુંજય મુક્તિ
ત્સા વિદ્યા યા વિમુક્તયે
સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

**પ્રથમ વર્ષ**

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

**[સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા] અભ્યાસ- ૮**

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.
**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.
**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

*સૌજન્ય :* **અ.સૌ. પ્રેમિલાબાઈ પ્રમોદ મોમાયા. કચ્છ સાંયરા. હાલ : ઘાટકોપર**

# સૂત્ર – વિધિ અને રહસ્ય

## ગુરુસ્થાપના સૂત્ર-પંચિંદિય

**પંચિંદિયસંવરણો, તહ નવવિહ બંભચેરગુત્તિધરો;**
**ચઉવિહકસાયમુક્કો, ઈઅ અટ્ઠારસગુણેહિં સંજુત્તો. ૧**
**પંચમહવ્વયજુત્તો, પંચવિહાયારપાલણસમત્થો;**
**પંચ-સમિઓ તિગુત્તો, છત્તીસગુણેહિં ગુરુ મજઝ. ૨**

શબ્દાર્થ :–

**પંચિંદિય :** પાંચ પ્રકારની ઈંદ્રિયો.
**તહ :** તથા.
**સંવરણો :** કાબૂમાં રાખનાર, સમભાવ રાખનાર.
**નવવિહ :** નવ પ્રકારની.

**બંભચેર :** બ્રહ્મચર્યની.
**ગુત્તિધરો :** ગુપ્તિને ધારણ કરનાર.
**ચઉવિહ :** ચાર પ્રકારના.
**કસાય :** કષાયોથી.
**મુક્કો :** મુકાયેલા.
**ઈઅ :** આ.
**અટ્ઠારસ ગુણેહિં :** અઢાર ગુણોવડે.
**સંજુત્તો :** યુક્ત, સહિત.
**પંચ-મહવ્વય :** પાંચ મહાવ્રતો.
**જુત્તો :** યુક્ત
**પંચ વિહાયાર :** પાંચ પ્રકારના આચાર.
**પાલણ-સમત્થો :** પાળવામાં સમર્થ.
**પંચ સમિઓ :** પાંચ સમિતિઓથી યુક્ત.
**તિ ગુત્તો :** ત્રણ ગુપ્તિઓથી યુક્ત.
**છત્તીસ ગુણેહિં :** છત્રીશ ગુણો વડે.
**ગુરુ :** ગુરુ.
**મજઝ :** મારા.

અર્થ :- પાંચ ઇંદ્રિયોના વિષયોને કાબૂમાં રાખનાર, તથા નવ પ્રકારની બ્રહ્મચર્યની વાડોને ધારણ કરનાર, ચાર પ્રકારના કષાયોથી મુક્ત, આ અઢાર ગુણો; ૧. વળી- પાંચ મહાવ્રતોને ધારણ કરનાર, પાંચ પ્રકારના આચારોને રુડી રીતે પાળનાર, પાંચ સમિતિઓનું પાલન કરનાર, ત્રણ ગુપ્તિઓનું પાલન કરનાર, આ રીતે છત્રીશ ગુણોવાળા મારા ગુરુ છે. ૨. સર્વે ધર્મક્રિયાઓ ગુરુની આજ્ઞા લઈ કરવી જોઈએ તેથી આ સૂત્ર સાક્ષાત ગુરુના અભાવે ધર્મ પુસ્તકાદિમાં ગુરુબુદ્ધિ રાખી તેની સ્થાપના કરવા ઉપયોગમાં લેવાય છે. આ સૂત્રમાં આચાર્ય ભગવંતના ૩૬ ગુણોનું વર્ણન છે.

# ગુરુવંદન વિધિ.

સામાન્ય રીતે સવારે દેવવંદન પછી ગુરુવંદને જવું જોઈએ. ગુરુમહારાજનોજોગ હોય તો તેમની પાસે જવું ત્યારે તેમને વિધિપૂર્વકની વંદણા કરવી જોઈએ. પ્રથમ બે 'ખમાસમણ' દેવાં, ત્યારબાદ ઊભા થઈ 'ઇચ્છકાર'ના પાઠથી સુખશાતા પૂછવી. તે નીચે મુજબ :-

## ઇચ્છકાર (સુગુરુસુખશાતા પૃચ્છા) સૂત્ર

**ઈચ્છકાર ! સુહ-રાઈ ? (સુહ-દેવસિ ?) સુખ-તપ ? શરીર નિરાબાધ ? સુખ સંયમ-જાત્રા! નિર્વહોછો જી ? સ્વામી શાતા છે જી ? મત્થએણ વંદામિ.**

શબ્દાર્થ :-

**ઇચ્છકાર ! :** હે ઇચ્છાયુક્ત ગુરુજી !
**સુહરાઇ ? :** સુખપૂર્વક રાત્રિ ગઈ.?
**સુહ-દેવસિ ?:** સુખપૂર્વક દિવસ ગયો ?
**સુખ-તપ :** સુખપૂર્વક તપ થાય છે ?
**શરીર નિરાબાધ :** શરીર રોગ રહિત છે?
**સુખસંજમ જાત્રા નિર્વહો છો જી ? :** આપ ચારિત્રની યાત્રા-પાલન સુખપૂર્વક કરો છો?
**સ્વામી શાતા છે જી ? :** હે સ્વામી ? આપને સર્વ પ્રકારે શાતા છે જી ?
**મત્થએણ વંદામિ :** આપને હું મસ્તકવડે વંદન કરું છું ?

**અર્થ :-** ( શિષ્ય ગુરુને સુખશાતા પૂછે છે, તે નીચે પ્રમાણે) હે ગુરુજી ! આપની ઇચ્છા હોય તો પૂછું. આપની રાત્રી સુખ-પૂર્વક પસાર થઇ ? (આપનો દિવસ સુખ-પૂર્વક પસાર થયો ?) આપની તપશ્ચર્યા

સુખ–પૂર્વક થાય છે ? આપનું શરીર કોઇ પણ રોગ પીડા રહિત છે ને ? આપ સંયમરૂપી યાત્રા સરળતાપૂર્વક કરી શકો છો ? હે સ્વામી ! આપને સર્વ પ્રકારે સુખ શાતા છે જી ? આપને હું મસ્તકથી નમસ્કાર કરું છું જી.

આ સૂત્રથી સવારે અથવા દિવસના કોઇ પણ વખતે ગુરુવંદન કરતી વખતે તેમની સુખશાંતિ પૂછવામાં આવે છે. સવારે હોય તો **'સુહરાઈ'** કહેવું અને બપોર પછી **'સુહદેવસિ'** કહેવું. એ પ્રમાણે સુખશાતા પૂછી **''અબ્ભુટ્ઠિઓ''** કહેવું. પ્રથમ **''ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર દેવસિઅંખામેમિ ?''** ત્યારે ગુરુ કહે **''ખામેહ''** એ પ્રમાણે ગુરુ ખમાવવાની આજ્ઞા કરે. ત્યારે ''ઇચ્છં'' કહિને ખમાસમણ દેવાની પેઠે નીચા નમીને જમણો હાથ ભોંચ ઉપર અવળો આગળ ધરવો અને ડાબા હાથે મોં આગળ કપડું ધરી રાખી **''જંકિંચિઅપત્તિઅં''** થી બોલવું.

૧. મત્થએણ વંદામિ બોલવા પૂર્વક બે હાથ જોડી મસ્તક નમાવીને વંદન કરવું તે ફિટ્ટા વંદન કહેવાય.

૨. ખમાસમણ સૂત્ર બોલીને બે હાથ, બે ઢીંચણ અને મસ્તક એમ પાંચ અંગો, ભૂમિને સ્પર્શે તે રીતે નમાવી વંદન કરવું તેને થોભ વંદન કહેવાય છે. હાલમાં બે ખમાસમણ દઇ ઇચ્છકાર સૂત્રથી સુખશાતા પૂછી અબ્ભુટ્ઠિઓ સૂત્ર બોલવા પૂર્વક અવિનય ખમાવાય છે તેને પણ થોભવંદન કહેવાય.

૩. બે વખત વાંદણા સૂત્ર બોલવા પૂર્વક બાર આવર્તથી જે વંદન કરવું તે દ્વાદશાવર્ત વંદન કહેવાય.

## અબ્ભુટ્ઠિઓ-ગુરુ ક્ષમાપના સૂત્ર.

**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર [1]દેવસિઅં ખામેઉં ?**

**ઈચ્છં, ખામેમિ + દેવસિઅં.**

**જંકિંચિ અપત્તિઅં, પરપત્તિઅં, ભત્તે પાણે, વિણએ, વેઆવચ્ચે, આલાવે, સંલાવે, ઉચ્ચાસણે, સમાસણે, અંતરભાસાએ, ઉવરિભાસાએ, જંકિંચિ મજ્ઝ વિણયપરિહીણં સુહુમં વા બાયરં વા, તુબ્ભે જાણહ, અહં ન જાણામિ, તસ્સ મિચ્છામિ દુક્કડં.**

**શબ્દાર્થ :–**

**ઇચ્છાકારેણ :** સ્વ ઇચ્છાથી.
**સંદિસહ :** આદેશ આપો
**ભગવન્ ! :** હે ભગવન્ !
**અબ્ભુટ્ઠિઓમિ :** ઉઠ્યો છું
**અબ્ભિંતર :** અંદર
**દેવસિઅં :** દિવસના અપરાધને
**ખામેઉં ? :** ખમાવવાને
**ઇચ્છં :** હું ઇચ્છું છું.
**ખામેમિ :** હું ખમાવું છું.
**જં કિંચિ :** જે કાંઇ.
**અપત્તિઅં :** અપ્રિતીભાવ.
**પરપત્તિઅં :** વિશેષ અપ્રીતિ ભાવ.
**ભત્તે :** ભોજનને વિષે.
**પાણે :** પાણીને વિષે.
**વિણએ :** વિનયને વિષે.
**વેઆવચ્ચે :** વૈયાવચ્ચને વિષે.
**આલાવે :** એક વાર બોલવાને વિષે.
**સંલાવે :** વારંવાર બોલવાને વિષે.

૧. સવારના બાર વાગ્યા સુધી 'રાઇયં' કહેવું, અને બપોર પછી 'દેવસિઅં' કહેવું.

શબ્દાર્થ :–

**ઉચ્ચાસણે :** ઊંચે આસને બેસવાને વિષે.
**સમાસણે :** સરખા આસને બેસવાને વિષે.
**અંતરભાસાએ :** વચ્ચે બોલવાને વિષે.
**ઉવરિભાસાએ :** વધારીને વિશેષપણે બોલવાને વિષે.
**જં કિંચિ :** જે કાંઇ
**મજઝ :** મારાથી.
**વિણય :** વિનય.
**પરિહીણં :** હીન.
**સુહુમં :** સૂક્ષ્મ.
**બાયરં :** સ્થૂલ, વધારે.
**તુબ્ભે :** તમે.
**જાણહ :** જાણો છો.
**અહં :** હું
**ન જાણામિ :** જાણતો નથી.
**તસ્સ :** તે સર્વ.
**મિચ્છામિ :** મારું નિરર્થક નિષ્ફળ.
**દુક્કડં :** પાપાચારણ.

અર્થ :– હે ભગવાન ! ઇચ્છાપૂર્વક આપ મને આદેશ આપો, હું દિવસની અંદર થયેલા અપરાધને ખમાવવાને માટે તત્પર છું. કહે – ખામેહ–ખમાવો–શિષ્ય કહે આપની આજ્ઞા પ્રમાણે–હું એ જ ઇચ્છું છું અને દિવસ સંબંધી અપરાધને ખમાવું છું.

જે કાંઇ અપ્રીતિ ભાવ કે વિશેષ અપ્રીતિભાવ ઉપજાવ્યો હોય; ભોજનને વિષે; પાણીને વિષે વિનયને વિષે, ગુરુસેવાને વિષે, એક વાર બોલવાને વિષે, વારંવાર બોલવાને વિષે, ગુરુથી ઊંચા આસને બેસવાને વિષે, ગુરુથી સમાન આસને બેસવાને વિષે, ગુરુ બોલતા હોય તેમની વચ્ચે બોલવાને વિષે, કહેલી વાત વિશેષપણે કહેવાને વિષે, જે કાંઇ મારાથી વિનયહીન થોડું અથવા વધારે થયું હોય તે તમે જાણો છો, હું જાણતો નથી, તે સંબંધી મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ. આ સૂત્રથી ગુરુને અવિનય અપરાધ ખમાવાય છે. પછી ખમાસમણ દઇ પચ્ચખાણ લઇ સુખશાતા પુછી સાહેબ ભાતપાણીનો લાભ દેશોજી કહી વ્યાખ્યાન સમય હોય તો વ્યાખ્યાન સાંભળવું. ઇતિ ગુરુવંદન વિધિ.

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ગુરુવંદના પાઠ કરું જી ?

ત્યારે ગુરુ કહે **"કરેહ"** પછી શિષ્ય કહે છે **"ઇચ્છં"** એમ કહી **"ગુરુવંદના"**નો પાઠ કહેવો.

# ગુરુ વંદના સૂત્ર

**અઙ્ઢાઇજ્જેસુદીવ-સમુદ્દેસુ, પનરસસુ કમ્મભૂમિસુ; જાવંત કેવિ સાહૂ, રયહરણ-ગુચ્છ-પડિગ્ગહધારા. ૧ પંચ મહવ્વયધારા, અઙ્ઢાર-સહસ્સ સીલંગધારા; અખ્ખયાયાર ચરિત્તા, તે સવ્વે સિરસા મણસા મત્થએણ વંદામિ. ૨**


શબ્દાર્થ :–

**અઙ્ઢાઇજ્જેસુ :** અઢી.
**દીવસમુદ્દેસુ :** દ્વીપ અને બે સમુદ્રમાં.
**પનરસસુ :** પંદર.
**કમ્મભૂમીસુ :** કર્મભૂમિને વિષે.
**જાવંત :** જેટલા
**કેવિ :** કોઇપણ.
**સાહૂ :** સાધુ.
**રયહરણ :** રજોહરણ, ઓઘો.
**ગુચ્છ :** ગુચ્છક.
**પડિગ્ગહ :** પાત્રાંને
**ધારા :** ધરનારા.
**પંચમહવ્વય :** પાંચ મહાવ્રતને.

## શબ્દાર્થ :–

**ધારા :** ધારણ કરનારા.
**અટ્ઠાર :** અઢાર.
**સહસ્સ :** હજાર.
**સીલંગધારા :** શીલ–ચારિત્રના અંગના ધરનારા.
**અખ્ખયાયાર :** સંપૂર્ણ આચારરૂપ.
**ચરિત્તા :** ચારિત્રના પાળનારા.
**તેસવ્વે :** તે સર્વ, બધાને.
**સિરસા :** મસ્તકે.
**મણસા :** મને કરીને.
**મત્થએણ વંદામિ :** હું મસ્તક નમાવીને વાંદુ છું.

**અર્થ :–** અઢી દ્વીપ અને બે સમુદ્ર સંબંધી પંદર કર્મભૂમિને વિષે, ધર્મોપકરણ જે રજોહરણ (ઓઘો), પાત્રાની ઝોળી બાંધવાનો ગુચ્છક અને પાત્રાં વગેરે ધર્મોપકરણના ધારણ કરનારા. ૧. પાંચ મહાવ્રતને ધારણ કરનારા, અઢાર હજાર શીલ–ચારિત્રના અંગના ધારણ કરનારા, સંપૂર્ણ આચારરૂપ ચારિત્રના પાળનારા, જેટલા કોઈપણ સાધુઓ છે, તે સર્વને હું લલાટે કરીને, મને કરીને મસ્તક નમાવી વાંદું છું. ૨



# શ્રાવક કોને કહીયે ?

## ૧૨ ગુણાનુરાગી

માનવભવ ગુણોનો સંગ્રહ કરવા માટે છે. માનવ ભવની સફળતા અને નિષ્ફળતાનો આધાર પ્રાપ્ત કરેલા ગુણો ઉપર જ છે. જિનશાસન ગુણોનો પૂજારી છે વ્યક્તિનો નહીં. તેથી જ શ્રાવક બનવા માટે બીજી કોઇ વાત ન જણાવતા ગુણવૈભવની વાત જણાવી. ગુણોનો વૈભવ જેનો વિશાળ તેજ સાચો શ્રાવક. શ્રાવકોના ગુણ વૈભવનો વિચાર કરતાં આજે આપણે બારમા ગુણનો પરિચય કરાવતાં ધર્મરત્ન પ્રકરણમાં દેવેન્દ્રસૂરી જણાવે છે.

**ગુણરાગી ગુણવંતે**
**બહુ મન્નઈ નિગ્ગુણે ઉવેહેઈ,**
**ગુણ સંગહે પવત્તઈ**
**સંપત્ત ગુણં ન મઈલેઈ ॥૧૯॥**

ગુણાનુરાગી જીવ શું કરે ? તે જણાવતાં કહે છે–

- ગુણવાન જનોનું બહુમાન કરે છે.
- નિર્ગુણિઓની ઉપેક્ષા કરે છે.
- ગુણોનો સંગ્રહ કરવામાં પ્રવર્તે છે.
- પ્રાપ્ત કરેલા ગુણોને મલિન નથી થવા દેતો.

જોઇ લઇએ આપણા જીવનને ? આપણા જીવનમાં ઉપરોક્ત ચાર બાબતો દેખાય છે અથવા આ બધી વાતોનો અભાવ કે દુષ્કાળ વર્તે છે.

અનાદિ કાળથી આ જીવ રાગમાં ફસાયેલો છે પણ એ રાગ ક્યારેય ગુણાનુરાગ ન બન્યો. આપણો રાગ, કામરાગ– સ્નેહરાગ અને દૃષ્ટિરાગમાંજ અટવાતો રહ્યો. આ બધામાં અટવાયેલો જીવ ગુણાનુરાગી કેવી રીતે બની શકે ? ગુણાનુરાગી બનવા માટે ત્રણે રાગ મંદ પરિણામી બનાવવાજ રહ્યા. આ રાગત્રિપુટી ગુણવાન ઉપર રાગ ન થવા દે એનું બહુમાન ન કરવા દે. ગુણવાનને ઓળખવા ગુણાનુરાગથી યુક્ત દૃષ્ટિ હોવી આવશ્યક છે.

એકદા કૃષ્ણ મહારાજાએ દુર્યોધનને કહ્યું – ‘‘આ સભામાં કેટલા સજ્જન છે ? એની યાદિ બનાવ.’’

બીજી તરફ યુધિષ્ઠિરને વાત કરી– ‘‘આ સભામાં દુર્જન કેટલા છે ? એની નોંધ કરો.’’

સમય વીતતાં બન્ને કૃષ્ણ મહારાજા પાસે પાછા ફર્યા. બન્નેના હાથમાં કોરો કાગળ હતો. કૃષ્ણ આશ્ચર્ય પામ્યા. બન્નેને કહ્યું– ‘‘કેમ તમે મારું નાનું એવું કામ નકર્યું ?’’

દુર્યોધને કહ્યું– ‘‘કૃષ્ણજી ! આ સભામાં એકે સજ્જન દેખાતો નથી. કોની યાદિ બનાવું ?’’

કૃષ્ણે યુધિષ્ઠિર તરફ નજર કરી. યુધિષ્ઠિરે કહ્યું – ‘‘મહારાજ ! મને આખી સભામાં કોઇ દુર્જન જ નથી દેખાતો. શું કરું ?’’

એની એ સભામાં દુર્યોધનને સજ્જન મળતો નથી યુધિષ્ઠિરને દુર્જન જડતો નથી. શું હશે રહસ્ય એની પાછળનું ?

**જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ**

દોષને જોવા ટેવાયેલી દૃષ્ટિને ક્યારેય ગુણો દેખાતા નથી જયારે ગુણોને ઓળખવામાં હોશિયાર બનેલી નજરને ક્યાંય દોષ દેખાતો નથી.

આપણે કોના જેવા છીએ ? દુર્યોધન જેવા ? કે યુધિષ્ઠર જેવા.

જેને કમળો થયો હોય એને શ્વેત વસ્તુ પણ પીળી દેખાય છે. આ વ્યક્તિ કે વસ્તુનો દોષ નથી દૃષ્ટિનો દોષ છે.

અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં આ જીવને અન્ય જીવોના દોષો જોવાની અને પોતાના ગુણો જોવાની ટેવ પડી ગયેલી છે. જો આ ટેવને ફેરવી દેવામાં આવે તો આપણું કાર્ય બદલાઇ જાય. સર્વ જીવોમાં ગુણોના દર્શન થાય અને પોતાની જાતમાં દોષોના દર્શન થવા માંડે જ્યાં વ્યક્તિઓમાં ગુણોના દર્શન થશે ત્યાં સ્વયંમેવ બહુમાન-સન્માન જાગશે.

દોષ જોઇ જોઇને આજ દિવસ સુધી શું મેળવ્યું?

**સંતોપ્પસંતોપિ પરસ્ય દોષા,**
**નોકતા શ્રુતા વા ગુણ માવહંતિ ।**
**વૈરાણિ વક્તુઃ પરિવર્દ્ધયંતિ,**
**શ્રોતુ શ્ચ તત્વંતિ પરાંકુબુદ્ધિં ॥**

છતાં કે અછતા પરાયા દોષ કહેવાથી કે સાંભળવાથી કોઇ ગુણ પ્રાપ્ત થતો નથી. ઉલટું દોષને કહી બતાવતાં વૈરની વૃદ્ધિ થાય છે અને સાંભળતાં કુબુદ્ધિ આવે છે.

આવા પ્રકારે આજ દિવસ સુધી આ દોષદૃષ્ટિના કારણે આપણે વૈરનો વધારો કરી આપણી બુદ્ધિને સદ્બુદ્ધિ બનાવવાને બદલે કુબુદ્ધિ જ બનાવી દીધી.

હવે આપણે આવા એકાંતે હાનિ કરનારા માર્ગથી પાછા ફરીને ગુણો તરફ જ નજર કરીશું. કારણ વર્તમાન આ કલિકાળમાં... પંચમકાળમાં નાનામાં નાના ગુણની પ્રાપ્તિ પણ અત્યંત દુષ્કર બની છે. આવા સમયે ગુણ દેખાઇ જાય તો રાજી થઇને ઘણી ઘણી પ્રશંસા અને અનુમોદના કરવી. ગુણીજનોના ગુણોને જોઇને તેમની પ્રશંસા અને અનુમોદના કરવાથી પણ આ જીવને ગુણોની પ્રાપ્તિ થાય છે.

**કાલંમિ અણાઈએ,**
**અણાઈ દોસેહિ વાસિએ જીવે,**
**જં પાવિચઈ ગુણો વિ હુ,**
**તં મન્નહ ભો મહચ્છરિયં ॥**

અનાદિકાળથી અનાદિ દોષોએ કરીને વાસિત થયેલા આ જીવમાં જો એકાદ ગુણ મળે તો પણ તે મહા આશ્ચર્ય માનવું જોઇએ.

ઘણા ગુણવાળા તો આ વિશ્વમાં વિરલાજ હોય છે. પણ એક એક ગુણવાળા પણ બીજી જગ્યાએ મળી શકતા નથી. આવી રીતે વિચાર કરતો ગુણાનુરાગી જીવ નિર્ગુણીની પણ નિંદા ન કરતાં કેવળ ઉપેક્ષા જ કરે છે. એમના તરફ પણ મધ્યસ્થ ભાવ જ ધારણ કરે છે.

ગુણાનુરાગી જીવને જ્યાં ક્યાં પણ કોઇ ગુણ દેખાય તો ઝટ એને જીવનમાં સ્વીકારવા... પ્રગટાવવા પુરુષાર્થ કરે છે. કારણ ગુણસંગ્રહ એજ તો ગુણાનુરાગીનું કર્તવ્ય છે.

કોકને કપડાનો શોખ હોય છે...

કોકને દાગીનાનો શોખ હોય છે...

કોકને બંગડીને-બક્કલનો શોખ હોય છે..

જેને જેનો શોખ હોય એની પાસે એનો ખજાનો હોય. આપણી પાસે ક્યો ખજાનો છે ? જેવો ખજાનો હશે તેવો શોખ હશે તેવી દૃષ્ટિ હશે ?

શું દેખાય છે ? દોષનો ખજાનો કે ગુણોનો ભંડાર ?

અનાદિના દોષના ખજાનાને ખાલી કરી ગુણોના ભંડારને ભરપૂર બનાવવા સાચો પુરુષાર્થ આદરીએ.

ગુણાનુરાગી સાધક ક્યારે પણ પોતાના ગુણોને મલિન થવા દેતો નથી. સમ્યગ્દર્શનની

પ્રાપ્તિ થયા પછી એ ક્યારેય એને મલિન થવા દેતો નથી. દિવસે દિવસે એનું સમ્યગ્દર્શન વધારે ને વધારે નિર્મળ થતું જાય છે. સમ્યગ્દર્શનની સાથે પ્રાપ્ત કરેલા વ્રતો આદિમાં પણ અતિચાર ઘટતા જાય છે. વ્રતોની શુદ્ધિ વધતી જાય છે. દિવસે દિવસે વ્રતોના પાલનમાં વધારે ને વધારે સાવધાન એવં મજબૂત બનતો જાય છે.

જીવનને ગુણોથી અલંકૃત કરનાર અને શુદ્ધ પવિત્ર વ્રતોના સ્વામિ બનાવનાર ગુણાનુરાગીના ગુણને પ્રત્યેક સાધકે પામવો જ રહ્યો.

## ૧૩ સત્કથી

**નાસઈ વિવેગરયણં**

**અસુહ કહાસંગ કલુસિય મણસ્સ,**

**ધમ્મો વિવેગસારુ ત્તિ**

**સક્કહો હુજ્જ ધમ્મત્થી ॥૨૦॥**

અશુભ કથાના પ્રસંગથી કલુષિત થએલ મનવાળાનું વિવેકરત્ન નાશ પામે છે. અને ધર્મ તો વિવેક પ્રધાન રહેલ છે. તેથી ધર્માર્થિ પુરુષે સત્કથ થવું જોઈએ. ૨૦.

ધર્મ તો વિવેકસાર જ છે એટલે કે હિતાહિતના જ્ઞાનપૂર્વક જ થાય છે. વિવેક એટલે સારી ખરાબ અથવા ખરી-ખોટી વસ્તુનું પરિજ્ઞાન. વિવેક અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરનાર હોવાથી રત્ન ગણાય છે.

આવું આ વિવેકરત્ન વિકથાથી કલુષિત થયેલા હૃદયમાં નાશ પામે છે.

**વિકથા એટલે શું ?**

જે કથા કરવાથી... સાંભળવાથી મન કલુષિત થાય આત્મા કર્મથી ભારે થાય એવી આત્માનું એકાંતે અહિત કરનારી કથા તે વિકથા છે. આ વિકથા ચાર પ્રકારની છે.

**ચઉહિં વિકહાહિ- ઈત્થિ કહાએ,**

**ભકતકહાએ, દેસકહાએ, રાયકહાએ ।**

વિકથા ચાર પ્રકારની છે- સ્ત્રીકથા, ભોજન કથા, દેશકથા અને રાજકથા.

આ ચાર કથાઓ આપણી આજુબાજુ સતત જોવા, સાંભળવા મળે છે અને બોલવામાં પણ આવે છે. આપણો ઘણો બધો સમય આ વિકથાઓમાં પસાર થાય છે. એ સમય જ્ઞાનિઓની દૃષ્ટિએ નિષ્ફળ છે એટલું જ નહિં પણ આત્માને દુર્ગતિ તરફ ખેંચી જનારો છે. તેથી જ ભવ્ય જીવોને જિનેશ્વર ભગવંતોએ આવી વિકથાઓ કરવાનો સદા નિષેધ ર્ક્યો છે.

**સ્ત્રી કથા :-** ફલાણી સ્ત્રીના નેત્ર સુંદર છે, રૂપ મનોહર છે, કેશ કાળા લાંબા છે. એની ચાલ ઉંટ જેવી છે. ફલાણી સ્ત્રીના અઢાર અંગ વાંકા છે એનો સ્વર કાગડા જેવો છે. આ સ્ત્રી દુર્ભાગિણી છે. ફલાણી સ્ત્રી મોઝ-મજા કરનારી છે. ફલાણી કન્યા ફેશનેબલ છે, આધુનિક છે. વગેરે કહીને સ્ત્રીની નિંદા કે પ્રશંસા કરવી તે સ્ત્રી કથા છે.

**ભોજન કથા :-** દુધપાકમાં બદામ-પીસ્તા બરાબર જોઈએ... શાક તો સ્વાદિષ્ટ જ જોઈએ.. જમવામાં મિષ્ટાન્ન તો જોઈએ જ... ઘારી તો સુરતનીજ, પેંડા તો કચ્છનાજ, ભેળ તો ચોપાટીની જ, દહી ખાવાની મજા તો પાલીતાણામાં જ આવે.. ચા તો મસાલાવાળી જજોઈએ... આઈસ્ક્રીમ તો ઉનાળામાં જોઈએ જ... આપણને તો કચુંબર અથાણા વગર ન જ ચાલે. પાન તો બનારસી સારૂ. આવી બધી વાતો તે ભોજન કથા છે.

**દેશ કથા :-** કાશ્મીરતો ધરતિનું સ્વર્ગ છે... મજાતો અમેરિકામાં છે... મુંબઈનું કાંઈ જીવન છે.. માળવાની ભૂમિ ધાન્ય અને સુવર્ણનો ભંડાર છે... મ્હૈસુરતો ચંદનના બગીચાનો દેશ... પંજાબ તો લુંટારાઓનું ધામ છે... ગામડામાં રહેવા જેવું નથી... ગુજરાતમાં તો ધોળે દિવસે લુંટ થાય છે.

ક્યાંય ફરવા જેવું નથી... દિલ્હી તો ઠગોની નગરી છે આ બધી વાતો દેશકથા કહેવાય છે.

**રાજ કથા :-** આપણો રાજા શત્રુ સામે લડવા સમર્થ નથી... ફલાણા રાજાને તો મારવું જ જોઇએ... ફલાણા રાજાની જીત થવી જોઇએ.... બે રાજાઓનું યુદ્ધ થયું સારુ થયું... એ રાજાના તો આવા જ હાલ થવા જોઇએ... આ રાજાને તો રાજ કરતાં જ નથી આવડતું... આને કાંઇ રાજા કહેવાય... આ રાજા દુષ્ટ છે. જલ્દી મરી જાય તો સારું.. આ રાજા સારો છે તેથી લાંબો સમય સુધી રાજ કરે તો સારું આવું બોલવું તે રાજ કથા છે.

આ ચારે કથાઓ ભારે કર્મનો બંધ કરવાવાળી હોવાથી સજ્જનોએ... ધર્મીજનોએ એમનો દુર્જનોની જેમ ત્યાગ કરવો જોઇએ.

આ કથાઓની સાથે શૃંગારરસને ઉપજાવનારી, મોહ વધારનારી, હાસ્યક્રિડા નિર્માણ કરનારી અને પરના દોષોને દેખાડનારી કથાઓ પણ વિકથાઓ જ છે. એમનો પણ પંડિતજનોએ ત્યાગ કરવોજ જોઇએ.

સત્કથા શું છે ?

**તીર્થંકર ગણધરમહર્ષિ ચરિત ગોચરાઃ**
**કથા વચન વ્યપારા યસ્ય સ સત્કથો**
**ભૂયાદ્ ભવેત્ ધર્માર્થી ધર્મ ચરણાભિલાષુકો,**
**યેન ધર્મરત્નહિઃ સ્યા દિતિ ।**

તીર્થંકર ગણધર અને મહર્ષિઓના ચરિત્ર સબંધી કથા એટલે વાતચીત જે કરે તે સત્કથા કહેવાય. ધર્માર્થી એટલે ધર્મ કરવા ઇચ્છા રાખનાર પુરૂષે તેવા સત્કથ થવું જોઇએ કે જેથી તે ધર્મરત્નને યોગ્ય થઇ શકે.

હે જીવ ! જો તું ખરેખર ધર્મધ્યાનમાં લીન બનવા ઇચ્છે છે તો જિનેશ્વર, ગણધર અને મુનિ વગેરેની સત્કથારૂપ તલવાર વડે વિકથારૂપ વલ્લીનેકાપી નાખ.

અનાદિ કાળથી આપણો આત્મા વિકથાના રસવાળો બનીને દુર્ગતિઓમાં રઝળ્યો છે. જો હવે એને સદ્ગતિ તરફ વાળવો હોય તો વિકથાના રસને દૂર કરી સત્કથામાં રસ જગાડવો જોઇએ. સ્વયંને સત્કથાના ગુણથી અલંકૃત કરવો જોઇએ. સત્કથ બન્યા વિના વિકથા જીવને ક્યાં પહોંચાડે છે એને જાણવા-સમજવા રોહિણીની કથા સાંભળવી આવશ્યક છે.

કુંડિની નામની વિશાળ નગરી...

ત્યાં હતા એક સુદર્શન શેઠ અને મનોરમા શેઠાણી...

એમની રોહિણી નામે ગુણીયલ બાળવિધવા દિકરી હતી...

ત્રિસંધ્યા જિનપૂજા... દોય ટંક આવશ્યક... નિયમિત સામાયિક અને સ્વાધ્યાય... એનો નિત્યક્રમ હતો.

ઉત્તમ દાન... ઉજવળ શીલ... યથાશક્તિ તપ અને શુભ ભાવના સહ નિર્મળ શ્રાવક ધર્મ પાળતી હતી.

એના આવા ઉત્કૃષ્ટ જીવનને સાંભળીને મોહરાજા પણ ચિંતીત બન્યા. મોહરાજાએ રોહિણીને ધર્મભ્રષ્ટ કરવા જાહેરાત કરી. કોઇ બીડું ઝડપવા તૈયાર નથી.

ત્યાં મોહરાજા ના સેનાપતિની પત્ની વિકથા અને બાળક પ્રમાદે બીડું ઝડપ્યુ. એણે મોહરાજાને કહ્યું- ''રાજન્ ! તમારી મહેરબાની હોય તો આ રોહિણીને અડધી ક્ષણમાં ધર્મથી ભ્રષ્ટ કરવા હું સમર્થ છું. મારી આગળ એ બિચારી શી ગણત્રીમાં?

ઉપશાંત કષાયી અને મનપર્યવજ્ઞાની થયેલા એવા અનેકોને મેં મારા પુત્રની સાથે રહી ચારિત્રથી ભ્રષ્ટ કર્યા છે. ચૌદપૂર્વ ધરોને પણ નરક અને નિગોદમાં પહોંચાડયા છે.

હવે આ વિકથા અને પ્રમાદે રોહિણીના

ચિત્તમાંપ્રવેશ કર્યો. તેથી રોહિણી જિન મંદિરમાં જઇને પણ જૂદી જૂદી શ્રાવિકાઓ સાથે અનેક પ્રકારની વિકથાઓ કરવા લાગી.

જોઇલો... તપાસી લો આપણા પોતાના ચિત્તને, એમાં ક્યાંય વિકથાનો પ્રવેશ નથી ને ?

વિકથા સાથે પ્રમાદ જોડાયો. ધીમે ધીમે રોહિણીએ જિનપૂજા છોડી દીધી.... પ્રસન્ન મનથી દેવ-વંદન છોડી દીધા... સતત વિકથા દ્વારા બીજાઓને પણ ધર્મ આરાધનામાં વિઘ્ન કરનારી બની.

મોટા શેઠની દીકરી હોવાથી કોઇ કશું કહેતું નથી તેથી તે વિકથામાં વધારે ભાન ભૂલવા લાગી. કોઇ સજ્જન સમજાવે તો એની સામે ગમે તેમ બોલવા લાગી.

વિકથામાં નિંદા જોડાઇ... બધાએ સમજાવી ન સમજી. પિતાએ સમજાવી ન સમજી.

નિંદા વિકથામાં જોડાયેલો જીવ શું કરે છે એનું એને ભાન નથી હોતું. પરિણામની એને ચિંતા નથી હોતી.

એકદા રોહિણીએ દેશના રાજાની પટરાણીના શીલ વિરૂદ્ધ કાંઇક વાતો કરી નિંદા કરવા લાગી. જે વાત દાસીઓએ સાંભળી રાણીને કહી... રાણીએ રાજાને કહી. રાજાએ શેઠને બોલાવી વાત કરી. શેઠે કહ્યું- ''રાજન્ મારી દિકરી મારી વાત માનતી નથી એ મારા કહ્યામાં નથી..''

રાજાએ એને બોલાવી. ખૂબ વિટંબના કરી અને દેશ છોડી જવાનો હુકમ કર્યો...

વિકથામાંઆસક્ત થનાર જીવોને કેવા દારૂણ દુ:ખ ભોગવવા પડે છે ?

રોહિણી ધર્મ પામ્યા છતાં વિકથાના વશ બધું જ હારી ગઇ અનેક પ્રકારના ટાઢ, તાપ, ક્ષુધા પિપાસા વગેરેના દુ:ખો સહન કરી મરીને નરકમાં ગઇ. ત્યાંથી નિકળી તિર્યંચગતિમાં અનેક ભવ કરી અનંતો કાળ નિગોદમાં રખડી અનુક્રમે મનુષ્ય ભવ પામી મોક્ષે પહોંચી.

વિકથામાં વળગ્યા રહેવાથી ભોગવવા પડતા દુ:ખોને જાણી ભવ્ય જીવોએ સદા વૈરાગ્યાદિથી ભરપૂર અને નિર્દોષ સત્કથા જ કરવી-સાંભળવી યોગ્ય છે.

આપણે સહુ પૂર્વ પુણ્યના ઉદયથી ધર્મને પામ્યા છીએ. ધર્મસ્થાનોને પામ્યા છીએ. હવે વિકથા પ્રમાદમાં ક્યાંય લેપાઇ ન જઇએ. એ માટે સાવધાન બનીએ.

સામાયિક હોય કે પૌષધ... દર્શન હોય કે પૂજા... પ્રવચન હોય કે પ્રતિક્રમણ... દેરાસર હોય કે ઉપાશ્રય ક્યાંય આપણા જીવનમાં વિકથાને પ્રવેશવાજ ન દઇએ. સતત સાવધાન બની સત્કથાઓમાં મસ્ત બનીયે. સત્કથ બનીને મળેલી સામગ્રી સફળ બનાવવા ઉદ્યમવંત બનીએ.

## ૧૪ સુપક્ષ

''અમુલ્ય રત્નો પણ પૈસાના જોરે સહજમાં મેળવી શકાય છે. પણ ક્રોડ રત્નોવડે કરીને પણ મનુષ્યના આયુનો ક્ષણ માત્ર પણ મેળવવો દુર્લભ છે.''

આવા અત્યંત દુર્લભ મનુષ્યભવને પામીને જે ભવ્ય જીવ ધર્મરત્નને પામવા ઉદ્યમવંત બનતો નથી એ મનુષ્ય ભવને પામીને હારી જાય છે. ના, આપણને માનવભવ ગુમાવવો નથી. ધર્મ-રત્ન પામીને સફળ જીવનના સ્વામી બનવું છે. શું પામીશું આ ભવમાં ? કેવા ગુણોને કેળવશું જીવનમાં?

**અણુકૂલ ધમ્મસીલો-**
**સુસમાચારો ય પરિયણો જસ્સ,**
**એસ સુપક્ખો ધમ્મં-**
**નિરંતરાયં તરઈ કાઉ. ૨૧.**

જેનો પરિવાર અનુકૂળ અને ધર્મશીલ હોઇ સદાચારયુક્ત હોય તે પુરુષ સુપક્ષ કહેવાય, તેવો પુરુષ નિર્વિઘ્નપણે ધર્મ કરી શકે છે. ૨૧.

શ્રાવકનો ચૌદમો ગુણ સુપક્ષ નામે કહ્યો. સુપક્ષનો અર્થ જણાવતાં કહ્યું **શોભનઃ પક્ષો યસ્સ સ સુપક્ષ** શોભન પક્ષ એટલે પરિવાર જેનો હોય તે સુપક્ષ કહેવાય. સુપક્ષનો વિશેષાર્થ કહેતાં જણાવે છે–

**અનુકૂલો ધર્માવિઘ્નકારી :** અનુકૂળ એટલે ધર્મમાં વિઘ્ન નહિ કરનાર...

**ધર્મશીલો ધાર્મિક :** ધર્મશીલ એટલે ધાર્મિક અને

**સુસમાચાર : સદાચાર ચારી :** સુસમાચાર એટલે સદાચાર પરાયણ એવો જેનો પરિવાર હોય તેને સુપક્ષ કહેવાય.

**અનુકૂળ પરિવાર :** આજે ઘણા પરિવાર એવા જોવા મળે છે જયાં ઘરની એક વ્યક્તિને ધર્મ કરવાની ઇચ્છા હોય. દર્શન–પૂજા–સામાયિક વ્યાખ્યાન, પ્રતિક્રમણ આદિ ક્રિયાઓમાં ભાગ લેવાની ભાવના હોય પણ ઘરમાં બીજા બધા અનુકૂળતા ન કરી આપતા હોય... બીજાઓને ધર્મપ્રત્યે રૂચિ ન હોય એથી ધર્મ કરવામાં સહાયતા કરવાને બદલે વિઘ્ન... અંતરાય... અવરોધ ઉભા કરતા હોય તેથી કોઇ આરાધનામાં સહભાગી ન થઇ શકે. ઘરના વ્યક્તિઓની ઇચ્છા વિરૂદ્ધ ધર્મ કરવા પ્રયત્ન કરે તો ઘરમાં કંકાસ થાય. આવો પરિવાર ક્યારે પણ સુપક્ષ ન બની શકે.

પણ સુપક્ષ પરિવારના સ્વામિ બનવા માટે ધર્મ કરવા ઉદ્યમવંત બનેલાને ઘરમાંથી બધાજ પ્રકારની અનુકૂળતા મળતી હોય એટલું જ નહિં પણ ક્યારેક ઘરની આરાધક વ્યક્તિ પ્રમાદિ બની જાય તો એને ટકોર કરી ધર્મ આરાધનામાં આગળ વધવા સતત પ્રેરણા અપાતી હોય છે.

પર્વાધિરાજ પર્વ હમણાં જ પૂરા થયા હતા.

એક કન્યાએ અટ્ઠાઇની આરાધના કરી એની સાંજીના કાર્યક્રમનું આયોજન થયું.. કન્યાના માતા–પિતા લાભ આપવા વિનંતિ કરવા આવ્યા.... વિનંતિને લક્ષમાં રાખી એ તરફ ગોચરી વહોરવાગઇ. સબહુમાન પધારો કહી રસોડામાં લઇ ગયા. ત્યાં દિકરીના દાદા–દાદી આવ્યા. પૌત્રીને બોલાવી; મને કહ્યું – ''સાહેબ ! એને પચ્ચક્ખાણ કરાવો.''

મેં પુછ્યું– ''શેના પચ્ચક્ખાણ કરાવું ?''

દાદા બોલ્યા– ''સાહેબજી ! જ્ઞાન પાંચમ કરે છે પણ એકાસણાથી હવે એણે અટ્ઠાઇ કરી છે તો એને જ્ઞાન પાંચમ ઉપવાસથી કરવાની.. આઠમ–પક્ખી નવકારશી, ચોવિહાર કરવાની અને આવતા વરસે અગ્યાર ઉપવાસ કરવાના પચ્ચક્ખાણ આપી દો.''

આને કહેવાય અનુકૂળ પરિવાર... પરિવારનો સદસ્ય આરાધના કરે તો બધાને ઘરમાં આનંદ હોય... બધા એની સેવા–વૈયાવચ્ચ કરવા તૈયાર હોય... પોતાનાથી ન થતું હોય છતાં જે કરતાં હોય એની સતત અનુમોદના હોય... એમને આગળ વધારવા... ઉત્સાહ વધારવા પ્રયત્નશીલ હોય. આવો પરિવાર સુપક્ષ બની શકે.

**ધર્મશીલ :-** ધર્મશીલ પરિવાર ધર્મના કામોમાં જોડતાં કે રોકવામાં આવતાં, પોતાનાપર દબાણ થયું નહિં માનતા અનુગ્રહ થયો માને છે.

આજના જમાનામાં ઘણાને પુછવામાં આવે તેમ પૂજ્ય મહારાજ સાહેબ પાસે કેમ નથી જતાં? તો જવાબ મળે મહારાજ સાહેબ પાસે જઇએ તો મહારાજ સાહેબ બાધા આપે એટલે નથી જતા.

નથી લાગતું આ આપણી અજ્ઞાનતા છે ? આપણાં જીવનમાં હજી ધર્મશીલતા પ્રગટી નથી તેથી આપણને એમ લાગે છે. જયારે ધર્મશીલતા

એટલે સાચી ધાર્મિકતા પ્રગટે ત્યારે ધર્મમાર્ગ લઇ જનાર પ્રત્યે હૃદયમાં બહુમાન જાગ્યા વગર ન રહે. આપણી પાસે જે સમય, શક્તિ અને સંપત્તિ છે એ ધર્મ દ્વારા પુણ્ય બાંધવાથી મળી છે. એમાં ધર્મનો હક્ક પહેલો છે પણ આપણી પાસે આ સમજણ નથી શાસ્ત્રકારોએ તેજ શક્તિ... તેજ સંપત્તિ... અને તેજ સમય સફળ કહ્યો છે જે આત્મકલ્યાણ સાથે જોડાયો છે. દેહના ભોગ–ઉપભોગ સાથે જે સમય, શક્તિ અને સંપત્તિ જોડાઇ છે એને નિષ્ફળ કહેવામાં આવી છે.

શક્તિ તો સિંહની પાસે પણ હોય છે પણ એ એના આત્મ કલ્યાણમાં સહાયક નથી બની શકતી.

સંપત્તિ તો વ્યસની પાસે પણ હોય છે... વેશ્યા અને જુગારી પાસે પણ હોયછે પણ એ એનું આત્મકલ્યાણ નથી કરાવી શકતી.

સમય પણ ઘણાની પાસે હોય છે પણ એનો સદુપયોગ કરતાં બધાને નથી આવડતો....

માનવ ભવમાં માનવી ધારે તો પોતાના સમય શક્તિ અને સંપત્તિને ધર્મ માર્ગે જોડીને સફળ બનાવી શકે છે પણ એ માટે ધર્મશીલ બનવું અત્યંત આવશ્યક હોય છે. ગુરુજનોએ ચિંધેલા માર્ગનો સહર્ષ સ્વીકાર કરવો પડે છે. પણ ગુરૂજનોના વાક્યો જ્યારે કંટાળાજનક અને લપ સમાન લાગે છે ત્યારે આત્મકલ્યાણનો માર્ગ આપણાથી દૂર સરી જાય છે.

**સુસમાચારો :-** સુસમાચાર પરિવાર રાજવિરૂદ્ધ વગેરે અકાર્યને પરિહરનાર હોવાથી ધર્મની લઘુતાનો હેતુ થતો નથી.

ધર્મ કરનાર વ્યક્તિઓ જ્યારે રાજયવિરૂદ્ધ આચરણ કરે જેથી એમને કોઇ સજા થાય તો એનાથી... ધર્મી જનોના નિંદનીય કાર્યોથી ધર્મની નિંદા અવહેલના થાય છે. જ્યારે ધર્મીજનો સત્ય–ન્યાય–નીતિ ઉપર સ્થિર રહે છે ત્યારે ધર્મનો જય જયકાર થાય છે.

ધર્મ સાધનમાં આગળ વધનાર વ્યક્તિની જવાબદારી વધે છે એનું ખોટું પગલું એનીજ નિંદા નહી પણ ધર્મની પણ નિંદા અને અવહેલના કરનારું બને છે. એનો એણે ખ્યાલ રાખવો જોઇએ અને ધર્મ સાધના કરતાં ક્યારે પણ સદાચાર ન ચુકવો જોઇએ.

શ્રાવકની ન્યાય નીતીના કારણે જ દુષ્કાળ સુકાળમાં ફેરવાઇ ગયો. જૈન શાસનનો જય જયકાર થયો.

## ૧૫ દીર્ઘદર્શી

શ્રાવકના સુપક્ષ ગુણની આવશ્યકતા જણાવ્યા પછી હવે શ્રાવકના પંદરમાં દીર્ઘદર્શિપણા રૂપ ગુણને જણાવે છે.

**આઢવઈ દીહદંસી-**
**સયલં પરિણામ સુંદરં કજ્જં,**
**બહુલાભ મપ્પકેસં-**
**સલાહણિજ્જં બહુજણાણં. ૨૨**

દીર્ઘદર્શી પુરુષ જે જે કામ પરિણામે સુંદર હોય–બહુ લાભ અને થોડા કલેશવાળું હોય અને ઘણા જનને વખાણવા લાયક હોય તે તે કામ જ શરૂ કરે છે. ૨૨

દીર્ઘદર્શી એટલે ?

**દ્રષ્ટુમવલોકયિતું શીલ મસ્યેતિ દીર્ઘદર્શી.**

દીર્ઘ જોવાની જેને ટેવ હોય તે દીર્ઘદર્શી પુરુષ જાણવો. દીર્ઘદર્શી પુરુષ કેવા કાર્ય કરે તે જણાવે છે–

પરિણામ સુંદર એટલે અંતે સુખને આપનારૂં.

બહુ લાભવાળું પુષ્કળ ફાયદાવાળું.

અલ્પ કલેશવાળું એટલે થોડી મહેનતવાળું.

બહુજન શ્લાઘનીય એટલે સ્વજન પરિજનોને પ્રશંસવા યોગ્ય.

જેની પાસે દીર્ઘદ્દષ્ટિ નથી તેવો જીવ બહારની ચમક–દમક જોઇને અંજાઇ જાયછે એ વસ્તુ કે વ્યક્તિના ગુણ–દોષોને જોઇ સમજી શક્તો નથી.

દીર્ઘદ્દષ્ટિનો સ્વામી દેહને જ નહી આત્માને પણ જાણે છે.

દીર્ઘદષ્ટિનો સ્વામી આલોકને જ નહીં પરલોકને પણ જુએ છે.

દીર્ઘદ્દષ્ટિનો સ્વામી ભૌતિક સુખોમાંજ રાચતો નથી એની પાસે ધાર્મિક અને અધ્યાત્મિક પણ જીવન હોય છે.

આવી દીર્ઘદર્શી વ્યક્તિઓ જીવનમાં જે જે નિર્ણય કરે છે એ એમના જીવનને સુંદર બનાવનારા અને શાંતિ પમાડનારા થાય છે. દીર્ઘદર્શી ધનશેઠની કથા દુનિયામાં પ્રસિદ્ધ છે. આપણે અહીં એવાજ આશયવાળી અન્ય કથા વિચારીએ.

એક હતા ગુરુ. એમના ચાર શિષ્ય હતા.

આ ચારે શિષ્ય વ્રતપર્યાય અને શ્રુતજ્ઞાનાદિમાં આચાર્યપદને યોગ્ય થયા હતા. ગુરુના મનમાં એકજ ચિંતા હતી કે હવે આ ગચ્છ કોને સોંપવો ? ગુરુ ભગવંતે શિષ્યની પરિક્ષા કરવા માટે દરેકને ઉચિત પરિવાર આપી વિહાર કરાવ્યો.

ચારે શિષ્યોએ ચાર દિશામાં વિહાર કર્યો. પોતાની ઉપર જવાબદારી આવી પડતાં બધાના ગુણ–દોષો પ્રગટ થવા લાગ્યા.

સહુથી મોટો શિષ્ય સુખશીલ બની ગયો અને કટુ વચનો બોલતો થઇ ગયો. કોઇને સહાયતા કરતો નહીં. તેથી તેનો પરિવાર થોડા સમયમાં તેની પાસેથી અલગ થઇ વિચરવા લાગ્યો.

બીજો શિષ્ય માંદો–સાજો રહેવા લાગ્યો. પરિવાર પાસેથી પોતાના શરીરની સેવા કરાવવા લાગ્યો. પણ પરિવાર જનોને સારી આરાધના ક્રિયા કરાવી નહીં.

ત્રીજો શિષ્યઉદ્યમવંત બન્યો. ઉદ્યમી રહીને પરિવારને અપ્રમાદી બનાવતો રહ્યોં.

ચોથો શિષ્ય પૃથ્વીભરમાંયશ –કિર્તિ મેળવવા લાગ્યો. તે સ્વયં જિનસિદ્ધાંતરૂપ અમૃતનું ઘર હોઇ દુષ્કર શ્રમણપણું પાળતો અને પોતાની વિહાર ભૂમિને પોતાના ગુણોથી જાણે દેવલોકથી આવી વસી હોય તેવી રીતે સંતોષિત કરતો.

દેશકાળના જાણ બની સુદીર્ઘદર્શી થઇ અનેક લોકોને બોધ પમાડતો મોટા પરિવારવાળો બન્યો.

તે ગુરુની પાસે આવ્યા ત્યારે ગુરુએ બધાનું જીવન જોઇ–જાણી ચારે શિષ્યોને પોતાના ગચ્છનો નીચે મુજબ અધિકાર આપ્યો.

પહેલા શિષ્યને સચિત્ત– અચિત્ત પરઠવાનું કામ બજાવવાનો હુકમ કર્યો.

બીજાને હુકમ કર્યો કે તારે ગચ્છને યોગ્ય ભક્તપાન ઉપકરણ વગેરે લાવી આપવાનું કામ થાક્યા વગર બજાવતા રહેવું.

ત્રીજાને કહ્યું કે તારે ગુરુ–સ્થવિર ગ્લાન– તપસ્વી બાળશિષ્ય વગેરે મુનિઓની રક્ષા કરવી. કેમકે દક્ષ અને વિચક્ષણ હોય તેજ કરી શકે.

ચોથા શિષ્યને ગુરુએ મનમાં બહુ પ્રીતિ લાવીને પોતાનો આખો ગચ્છ સોંપ્યો.

આવી રીતે જેને જે યોગ્ય હતું તેને તે સોંપી તે આચાર્ય પરમ આરાધક થયા. અને તે ગચ્છ પણ પૂર્ણ ગુણશાળી થયો.

# જીવ-વિચાર

પ્રથમ ચોવીસ ગાથામાં સંસારી જીવોના ૫૬૩ ભેદ ગણાવ્યા જે સંક્ષેપમાં નીચે મુજબ છે.

તિર્યંચના ૪૮ ભેદ (સ્થાવરના ૨૨ + વિકલેંન્દ્રિયના ૬ + તિર્યંચ પંચેનદ્રિયના ૨૦ = કુલ ૪૮ ભેદ જાણવા)..નારકોના-૧૪ ભેદ, મનુષ્યોના ૩૦૩ ભેદ, તથા દેવોના ૧૯૮ ભેદ. = કુલ ૫૬૩ ભેદ થયા.

સંસારી જીવોની ભેદ ગણત્રી કરાવ્યા પછી હવે સંસારમાંથી મુક્ત થયેલા અથવા જેમના સર્વ કાર્ય સિદ્ધ થઇ ગયા છે એવા સિદ્ધ અથવા મુક્ત જીવોના ભેદ જણાવે છે. ખરેખર તો બધાજ સિદ્ધ સમાન સ્વરૂપના છે. તેમનામાં કોઇ ભેદ સંભવિત નથી છતાં સિદ્ધ બનતા પૂર્વના અવસ્થાને લક્ષમાં રાખીને અથવા સિદ્ધ બનવાની ક્રિયાને લક્ષમાં રાખીને સિદ્ધના પંદર ભેદ કહેવામાં આવે છે.

**सिद्धा पनरस भेया तित्था ऽतित्था ऽऽ इ सिद्ध भेएणं ।**
**ए ए संखेवेणं जीव विगप्पा समक्खाया ।।२५।।**

તીર્થ અતીર્થાદિ ભેદની અપેક્ષાએ સિદ્ધના જીવો પંદર પ્રકારના છે. એવી રીતે (સંસારી તથા મુક્ત) જીવોના ભેદ સંક્ષેપમાં પણ સ્પષ્ટ પણે સમજાવ્યા છે.

સિદ્ધના પંદર ભેદ નીચે પ્રમાણે જાણવા

**૧. જિનસિદ્ધ :-** તીર્થંકર બનીને મોક્ષે જાય તે જિનસિદ્ધ દા. ત. પાર્શ્વનાથ.

**૨. અજિનસિદ્ધ :-** તીર્થંકર પદ પામ્યા વિના મોક્ષે જાય તે અજિનસિદ્ધ દા. ત. ગણધર ભગવંત.

**૩. તીર્થસિદ્ધ :-** તીર્થ ચાલુ હોય ને મોક્ષે જાય તે તીર્થસિદ્ધ. દા. ત. જંબુસ્વામી.

**૪. અતીર્થસિદ્ધ :-** તીર્થની સ્થાપના પૂર્વે અથવા તીર્થ વિચ્છેદ પછી મોક્ષમાં જાય તે અતીર્થસિદ્ધ દા. ત. મરૂદેવામાતા

**૫. ગૃહસ્થસિદ્ધ :** ગૃહસ્થાવાસમાં મોક્ષે જાય તે ગૃહસ્થસિદ્ધ

**૬. અન્યલિંગસિદ્ધ :** તાપસાદિના વેશમાં મોક્ષે જાય તે અન્યલિંગસિદ્ધ દા. ત. વલ્કલચિરી

**૭. સ્વલિંગસિદ્ધ :** જૈન સાધુના વેશમાં મોક્ષે જાય તે સ્વલિંગ સિદ્ધ દા. ત. પ્રસન્નચંદ્ર રાજર્ષિ.

**૮. સ્ત્રીલિંગ સિદ્ધ :** સ્ત્રી મોક્ષે જાય તે સ્ત્રીલિંગ-સિદ્ધ દા. ત. ચંદનબાળા

**૯. પુરુષલિંગ સિદ્ધ :** પુરુષ મોક્ષમાં જાય તે પુરુષલિંગસિદ્ધ દા. ત. ગૌતમસ્વામી.

**૧૦. નપુંસકલિંગ સિદ્ધ :** નપુંસક મોક્ષમાં જાય તે નપુંસકલિંગસિદ્ધ દા. ત. ગાંગેય.

**૧૧. પ્રત્યેકબુદ્ધસિદ્ધ :** કોઇ નિમિત્તથી બોધ પામીને મોક્ષમાં જાય તે પ્રત્યેકબુદ્ધ સિદ્ધ દા. ત. કરકંડુ.

**૧૨. સ્વયંબુદ્ધ સિદ્ધ :** પોતાની જાતે બોધ પામીને મોક્ષમા જાય તે સ્વયંબુદ્ધ સિદ્ધ દા. ત. કપીલ.

**૧૩.બુદ્ધ બોધિત સિદ્ધ :** બીજાના ઉપદેશથી મોક્ષે જાય તે બુદ્ધ બોધિત સિદ્ધ દા. ત. વાયુભૂતિ.

**૧૪. એક સિદ્ધ :** એક સમયે એકજ મોક્ષમાં જાય તે એક સિદ્ધ દા. ત. મહાવીરસ્વામી

**૧૫. અનેક સિદ્ધ :** એક સમયે અનેક મોક્ષમાં જાય તે અનેકસિદ્ધ દા. ત. ઋષભદેવ.

એક સમયમાં ૧૦૮ થી વધારે મોક્ષમાં ન જાય.

વિશ્વમાં દેખાતા જીવોના વિવિધ ભેદ-પ્રભેદ દ્વારા આપણે કુલ પાંચસો અને ત્રેસઠ ભેદ સમજયા. હવે આગળ આ સંસારી જીવોનો વિશેષ અભ્યાસ કેવી રીતે થઇ શકે ? તે જણાવે છે-

**एएसिं जीवाणं, शरीरमाउठिई सकायम्मि ।**
**पाणा जोणी पमाणं, जेसिं जं अत्थि तं भणिमो ।।२६।।**

અર્થ : આ જીવોનાં શરીરનું પ્રમાણ, આયુષ્ય

સ્થિતિ, સ્વકાય સ્થિતિ, પ્રાણ અને યોનીનું પ્રમાણ, જેનું જેટલું છે તેટલું કહીશું.

આપણને કોઇ વ્યક્તિને ઓળખવી હોય... બરાબર પરિચય કરવો હોય તો એની ઉંચાઇ, ચહેરો, રંગ વગેરેની જાણકારી જરૂરી હોય એવી રીતે જીવ ને જાણવા માટે કેવળ એના ભેદ જાણવાથી ન ચાલે પણ દરેક ભેદના જીવના શરીરનું પ્રમાણ (લંબાઇ) કેટલી છે ? દરેક જીવ ભેદનું આયુષ્ય કેટલું હોઇ શકે ? દરેક જીવ ભેદ ફરીફરીને એજ ગતિમાં કેટલા સમયસુધી જન્મ મરણ કરી શકે ? દરેક જીવ–ભેદના પ્રાણ કેટલા હોય ? એમનું ઉત્પન્ન થવાનું સ્થાન કેવું હોય ? એ જાણવું આવશ્યક બને છે. અહિં જીવભેદોનો આવી રીતે સવિશેષ અભ્યાસ થઇ શકે છે..

**૧. જીવોનું શરીર પ્રમાણ**

હવે આપણે પ્રથમ એકેન્દ્રીય જીવોના શરીરનું પ્રમાણ જાણવા પ્રયત્ન કરીએ –

**अंगुलअसंखभागो, सरीरमेगिंदियाणं सव्वेसिं ।**
**जोयण सहस्समहियं, नवरं पत्तेयरुख्खाणं ।।२७।।**

અર્થ :–સર્વ એકેન્દ્રિય જીવોનું શરીર અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું હોય છે, પણ એટલું વિશેષ છે કે પ્રત્યેક વનસ્પતિ કાયનું શરીર એક હજાર યોજનથી અધિક છે.

એકેન્દ્રિય જીવોમાં પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય અને સાધારણ વનસ્પતિકાયનું શરીર અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું જ હોય છે. એકેન્દ્રિયના શરીર ઉંચાઇનો આ નિયમ પ્રત્યેક વનસ્પતિકાયને લાગતો નથી. પ્રત્યેક વનસ્પતિકાય એક હજાર યોજનથી પણ અધિક ઉંચાઇવાળો હોઇ શકે છે. અહિં આપણી જાણકારી માટે આપણે જૈન ગણત્રીનું પ્રમાણ વિચારીએ–

૧. ઉત્સેધાંગુલ– આપણું એક અંગુલ. એટલે જ અંગુલમાપ એટલે આપણા આંગળીની પહોળાઇનું માપ સમજવાનું છે.

છ ઉત્સેધાંગુલ = એક પાદ (પગનું માપ)

બે પાદ = એક વેંત.

બે વેંત = એક હાથ.

બે હાથ = એક ધનુષ્ય.

બે હજાર ધનુષ્ય = એક કોશ (ગાઉ)

ચાર કોશ (ગાઉ) = એક યોજન.

અત્યારે આ દેશમાં આજ માપનો વહેવાર ચાલે છે.

એકેન્દ્રિયના શરીરની ઉંચાઇ જાણી લીધી પણ બે ઇંન્દ્રિયાદિ જીવોની શરીર ઉંચાઇનો વિચાર કરીએ–

**बारस जोयण तिन्नेव, गाउआ जोयणं च अणुकमसो।**
**बेइंदिय, तेइंदिय–चउरिंदियदेह मुच्चतं ।।२८।।**

અર્થ– બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવોના શરીરની ઉંચાઇ અનુક્રમે બાર યોજન ત્રણ ગાઉ અને એક યોજન જાણવી.

અહિં બે ઇન્દ્રિયની શરીર ઉંચાઇ બાર યોજનની જાણાવી છે, તેઇન્દ્રિયની શરીરની ઉંચાઇ ત્રણ ગાઉની જણાવી છે. તથા ચઉરિન્દ્રિયની શરીરની ઉંચાઇ એક યોજનની બતાવી છે. આ ઉંચાઇ સાંભળતા આપણને આશ્ચર્ય થાય તે સહજ છે. પણ આ નિશ્ચિત પ્રમાણ નથી પણ બેઇન્દ્રિયની વધારેમાં વધારે ઉંચાઇ બાર યોજનની હોઇ શકે પણ એનાથી વધારે તો ન જ સંભવે. આ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. આ સર્વ ક્ષેત્રોને અને સર્વકાળને લક્ષમાં રાખીને જણાવવામાં આવી છે.

જો આપણે બધા ક્ષેત્ર... સર્વકાળ... અને બધા બેઇન્દ્રિયાદી જીવોને નજરની સામે રાખીને વિચાર કરીએ તો આપણને આશ્ચર્ય ન થાય પણ સહજ પણે વાતનો સ્વીકાર થઇ જાય.

હવે નરકના જીવોની શરીરની ઉંચાઇ બતાવે છે–

**धणुसयपंचपमाणा, नेरइया, सत्तमाइ पुढवीए ।**
**ततो अद्धध्धूणा, नेया रयणप्पहा जाव ।।२९।।**

અર્થ : પાંચસો ધનુષ્યની ઉંચાઇવાળા નારક જીવો સાતમી નરકપૃથ્વીને વિષે જાણવા તે કરતાં

અડધા-અડધા ઓછા પ્રમાણવાળા નારક જીવો રત્નપ્રભા પર્યંત જાણવા.

સાત નારકીને વિષે રહેલા જીવોની ઉંચાઇ જણાવતા કહે છે સૌથી વધારે ઉંચાઇ સાતમી નારકીના જીવોની છે જે પાંચસો ધનુષ્યની છે. પછી જેમ જેમ ઉપર જઇએ તેમ તેમ ઉંચાઇ અડધી-અડધી થતી જાય છે.

(૧) સાતમી નારકીના જીવોની – ઉંચાઇ પાંચસો ધનુષ્ય.

(૨) છઠ્ઠી નારકીના જીવોની – ઉંચાઇ અઢીસો ધનુષ્ય.

(૩) પાંચમી નારકીના જીવોની– ઉંચાઇ સવાસો ધનુષ્ય.

(૪) ચોથી નારકીના જીવોની – ઉંચાઇ ૬૨ ધનુષ્ય અને બે હાથ.

(૫) ત્રીજી નારકીના જીવોની – ઉંચાઇ ૩૧ ધનુષ્ય અને એક હાથ.

(૬) બીજી નારકીના જીવોની – ઉંચાઇ ૧૫ ધનુષ્ય, બે હાથ ૧૨ અંગુલ.

(૭) પહેલી નારકીના જીવોની – ઉંચાઇ ૭ ધનુષ્ય, ૩ હાથ, ૬ અંગુલ.

**અનુસંધાન પેજ- ૨૪ થી શરુ**

પ્રવૃત્તિ રાખે, ચમરેન્દ્ર ઉભો રહી તીર્થંકરના હાથમાં ઓછી કે વધારે સોનામહોર ન આવે તેની વ્યવસ્થા કરે, ભવનપતિ દેવો અન્યક્ષેત્રના મનુષ્યોને દાન લેવા તેડી આવે, વાણવ્યંતરો દેવો તે મનુષ્યોને તેમના ક્ષેત્રમાં પાછા મૂકી આવે. જયોતિષિ દેવો વિદ્યાધરોને દાન લેવાની ખબર આપે. જયારે પ્રભુએ વાર્ષિક દાન આપવાની શરૂઆત કરી ત્યારે નંદિવર્ધન રાજાએ પણ મોટી ત્રણ દાનશાળાઓ મંડાવી, એક દાનશાળાથી ભરતક્ષેત્રના માનવોને અન્નનું દાન આપવાની શરૂઆત કરી, બીજી દાનશાળાથી વસ્ત્ર વગેરે આપવાની શરૂઆત કરી અને ત્રીજી દાનશાળાથી આભૂષણો વગેરે આપવાની શરૂઆત કરી.

તીર્થંકરોએ પોતાના હાથે આપેલા દાનના પ્રભાવે ઇન્દ્રોને માંહોમાંહે બે વર્ષ સુધી કલહ ન થાય, ચક્રવર્તી વગેરે રાજાઓ તે દાન સોનૈયા પોતાના ભંડારમાં રાખે તો એના પ્રભાવથી ચાર વર્ષ સુધી યશઃકીર્તિ પામે. રોગી દાન લે તો એ દાનના પ્રભાવથી રોગ જાય અને બાર વર્ષ સુધી નવો રોગ ન થાય.

એક વર્ષે ત્રણસો અઠ્યાસી ક્રોડ એંશી લાખનું દાન આપ્યું. હાથી, ઘોડા, રથ, વસ્ત્ર, આભૂષણ મિઠાઇ વગેરેનું દાન આપ્યું તેની તો ગણત્રીજ નહોતી.

સવંત્સરી દાન આપી પ્રભુ દીક્ષા લેવા તૈયાર થયા ત્યારે દીક્ષાની સંમતિ આપી નંદિવર્ધન રાજાએ ક્ષત્રિયકુંડ ગ્રામનગરને દેવલોક જેવું શણગાર્યું. દેવો સહિત ૬૪ ઇન્દ્રોએ પણ રાજાની સાથે દીક્ષા અભિષેક કર્યો. પ્રભુજીને ચંદનાદિનું વિલેપન કરી... ઉત્તમકોટિના વસ્ત્રો અને આભૂષણોથી અલંકૃત કરી શિબિકામાં બિરાજમાન કરવામાં આવ્યા...

મોટા આડંબર સહિત પ્રભુશ્રી મહાવીર દેવ ક્ષત્રિકુંડ ગ્રામ નગરના મધ્ય મધ્ય ભાગથી એટલે બજારોના રસ્તે થઇને નગરની બહાર આવી જયાં જ્ઞાતખંડવન નામનું ઉદ્યાન છે અને જયાં અશોકવૃક્ષ છે ત્યાં પાલખી રખાવીને પાલખીમાંથી ઉતરીને પોતે જ વસ્ત્ર આભુષણોને ઉતારે છે; પોતાની મેળે જ પંચમુષ્ટિ લોચ કરી ને જલપાન રહિત છટ્ઠ તપ થી ઇન્દ્રે ડાબે ખભે રાખેલા એક દેવદુષ્ય વસ્ત્રને લઇને પ્રભુ અણગારપણાને પામ્યા. પ્રભુ એ ''નમો સિદ્ધાણં'' કહીને ''ભંતે'' શબ્દ વિના ''કરેમિ સામાઇયં સવ્વં સાવજ્જં જોગં પચ્ચખામિ' વગેરે કહી ચારિત્ર સ્વીકાર્યં. ત્યારે પ્રભુને ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું.

# નવતત્વ... (નિર્જરા તત્વ - બંધ તત્વ)

અનાદિથી આત્માની સાથેજોડાયેલી કર્મરજને આત્માથી દૂર કરવી તે નિર્જરા તત્વ છે. મોક્ષની મંઝિલ તરફ આગળ વધતા સાધક માટે નિર્જરા અતિ આવશ્યક છે. સંવરથી નવા કર્મ બંધાતા અટકે છે. નિર્જરાથી પૂરાણા કર્મ ક્ષય થાય છે. નિર્જરા તપ દ્વારા જ થાય છે. શાસ્ત્રકાર મહર્ષિઓએ છ બાહ્ય અને છ અભ્યંતર એવી રીતે બાર તપના પ્રકાર સમજાવીને મુમુક્ષુ જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. તપના બાર ભેદ સારી રીતે જાણી-સમજી યથાશક્તિ આદરીને કર્મમુક્તિ માટે અપૂર્વ ઉલ્લાસ જગાડવાનો છે.

નિર્જરા તત્વ પછી આપણને સંસારમાં જકડી રાખનાર બંધતત્વનો પરિચય કરાવ્યો છે. ચૌદ રાજલોકમાં કાર્મણ વર્ગણા તો ઠાંસી ઠાંસીને ભરેલી છે. તે આપણા આત્માનું કશુંજ બગાડવા સમર્થ નથી. પરંતુ આપણે જયારે આશ્રવનો હાથ પકડીએ... સાથ લઇએ અને કર્મ બંધાવનાર નિમિત્તોને આધીન બનીએ છીએ... રાગ-દ્વેષ કે કષાયની શરણાગતિ સ્વીકારીએ છીએ. ત્યારે જ કાર્મણ વર્ગણા આત્મા સાથે ક્ષીર-નીરની જેમ જોડાઇને કર્મબંધ બને છે. આ કર્મબંધ આત્માના ગુણોને આવરણ કરીને... આત્મગુણોને દબાવીને પોતાનો પ્રભાવ બતાવે છે.

આવો ! નિર્જરા-બંધ ને ઓળખી નિર્જરાને પામીએ... બંધથી આત્માને બચાવવા પુરુષાર્થ આદરીએ.

**अणसण मूणो अरिआ, वित्ति संखेवणं रसच्चाओ ।**
**काय किलेसो संली-णयाय बज्झो तवो होइ ।।२९।।**

અનશન, ઊણોદરિ, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ અને સંલીનતા બાહ્ય તપ છે.

અનાદિ કાળથી આત્માની સાથે કર્મો જોડાયેલા છે. આ કર્મોને આત્માથી દૂર કરવાનું મુખ્ય શસ્ત્ર છે તપ. તપથી જ કર્મની નિર્જરા થાય છે. આ તપ બે પ્રકારનો છે.- (૧) બાહ્ય તપ અને (૨) અભ્યંતર તપ. બાહ્ય વિશ્વના સજીવો જોઇ - જાણી શકે અને કાયાને તપાવે તે બાહ્ય તપ છે. બાહ્ય તપનું જ બીજું નામ છે દ્રવ્યતપ. કર્મ પુદ્ગલોને આત્માથી જુદા કરવા તે દ્રવ્ય નિર્જરા છે. બાહ્ય તપના છ પ્રકાર છે.

**અનશન :-** અશન એટલે આહાર અને અનશન એટલે આહારનો ત્યાગ.

અનશન એટલે પરમાત્માએ બતાવેલા શાસ્ત્રોક્ત માર્ગથી આહારનો મર્યાદિત સમય માટે અથવા જીવનપર્યંત ત્યાગ છે.

**ઉણોદરી તપ :** ઉણ એટલે ઓછું, ઉદરી એટલે ઉદર પૂર્તિ

આપણને ઉદરપૂર્તિ માટે (પેટ ભરવા માટે) જેટલું જરૂરી છે તેથી ઓછું વાપરવું-ખાવું તે ઉણોદરી તપ છે.

**વૃત્તિસંક્ષેપ તપ :-** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી મનવૃત્તિઓની મર્યાદા કરવી તે વૃત્તિસંક્ષેપ તપ છે. ખાવાની વસ્તુઓ ખાવાનુ ક્ષેત્ર, કેટલા વખત ખાવું વગેરેનો નિયમ કરવાથી આ તપ થાય છે.

**રસ પરિત્યાગ તપ :-** રસયુક્ત પદાર્થોના ઉપયોગમાં મર્યાદા તે રસ પરિત્યાગ તપ છે. માંસ, મદિરા, માખણ અને મધ એ ચાર મહાવિગઇ છે

તેનો જીવનપર્યંત ત્યાગ કરવાનો છે. જ્યારે દૂધ, દહીં ઘી, તેલ, ગોળ અને કડા (તળેલું) આ છ વિગઇ છે એનો યથાશક્તિ ત્યાગ કરવાનો છે તે રસપરિત્યાગ તપ છે.

**કાયક્લેશ તપ :–** કાયાને કષ્ટ આપી કાયા ઉપર વિજય મેળવવો તે કાયક્લેશ તપ છે. વિવિધ આસનજય, કાયોત્સર્ગ, વિહાર, લોચ વિગેરે કાયક્લેશ તપ છે.

**સંલીનતા તપ :–** અશુભ માર્ગમાં પ્રવર્તતા મન, વચન, કાયાદિને અશુભથી પાછા હટાવી શુભમાં પ્રવર્તાવવા તે સંલીનતા તપ છે.

**पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।**
**ज्झाणं उस्सग्गो विअ, अब्भितरओ तवो होइ ।।३५।।**

પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ એ અભ્યંતર તપ છે.

બાહ્યતપના છ ભેદ બતાવ્યા પછી હવે અભ્યંતર તપના છ ભેદ જણાવે છે. બાહ્ય વિશ્વ જોઇ જાણી ન શકે પરંતુ આત્મા અને મનને તપાવે તે અભ્યંતર તપ છે. અભ્યંતર તપના છ ભેદ નીચે મુજબ છે.–

**(૧) પ્રાયશ્ચિત**–પ્રાયઃ એટલે વિશેષથી. ચિત્તની શુદ્ધી કરે તે પ્રાયશ્ચિત છે. જાણતા–અજાણતા જીવનમાં થઇ ગયેલા પાપની શુદ્ધિ કરવા માટેનું આ દસ પ્રકારનું વિશિષ્ટ તપ છે.(આલોચના, પ્રતિક્રમણ મિશ્ર, વિવેક, કાયોત્સર્ગ, તપ, છેદ, મૂલ, અનવસ્થાપ્ય, અને પારાંચિત પ્રાયશ્ચિત)

**(૨) વિનય –** જ્ઞાનાદિ ગુણોથી અલંકૃત ગુણવાન મહાત્માઓની આશાતનાથી બચવું અને એમની બહુમાન–સન્માન પૂર્વક ભક્તિ કરવી તે વિનય તપ સાત પ્રકારે છે. (જ્ઞાન, દર્શન, ચારિત્ર, મન, વચન, કાયા અને ઉપચાર વિનય)

**(૩)વૈયાવૃત્યઃ**–આચાર્યાદિ મહાત્માઓની યોગ્ય આહાર–પાણી, વસ્ત્ર–પાત્ર, વસતિ, ઔષધાદિ વડે ભક્તિ કરવી એમની આજ્ઞાનું પાલન કરવું તે વૈયાવૃત્ય તપ દસ પ્રકારે છે. (આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, સ્થવિર, ગ્લાન, શૈક્ષ, સાધર્મિક, કુલ, ગણ, સંઘ)

**(૪) સ્વાધ્યાય :–** સ્વ–સ્વયંને, અધ્યાય–ભણવું–ભણાવવું, પોતાની જાતને ભણવું તથા ભણાવવું તે સ્વાધ્યાય તપ પાંચ પ્રકારે છે.(વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા)

**(૫) ધ્યાન :–** યોગની એકાગ્રતા અથવા આત્મરમણતા તે ધ્યાન છે. ધ્યાનના ૪ પ્રકારમાંથી આર્ત અને રૌદ્રધ્યાન સંસાર વધારનાર છે તે તપ નથી. ધર્મ અને શુક્લ ધ્યાન શુભ–શુદ્ધ ધ્યાન હોવાથી નિર્જરારૂપ તપમાં સમાવિષ્ટ થાય છે. બન્નેના ૪..૪ પ્રકાર છે..

**(૬) કાયોત્સર્ગ :–** કાયોત્સર્ગ શબ્દમાં બે શબ્દ સમાયેલા છે. કાય + ઉત્સર્ગ. કાય એટલે કાયા(શરીર) વગેરે અને ઉત્સર્ગ એટલે ત્યાગ. કાયા વગેરેના વ્યાપારનોત્યાગ અને યોગની નિશ્ચલતા તે કાયોત્સર્ગ તપ છે. બે પ્રકારે છે–

**(૧) દ્રવ્ય–ઉત્સર્ગ**–દ્રવ્ય વસ્તુઓના ત્યાગ રૂપી તપ. દા. ત. અશુદ્ધ આહાર, ઉપધિ, ગચ્છ, શરીર આદિનો ત્યાગ તે પણ દ્રવ્ય ઉત્સર્ગ તપ છે.

**(૨) ભાવ–ઉત્સર્ગ :–** કષાય, મિથ્યાત્વ, કર્મ આદિનો ત્યાગ તે ભાવોત્સર્ગ છે.

**बारस विहं तवो, निज्जरा य बंधो चउ विगप्पो अ ।**
**पयइ ठिइ अणुभागो, पएसो भेएहिं नायव्वो ।।३६।।**

બાર પ્રકારનો તપ નિર્જરા છે તથા પ્રકૃતિ–સ્થિતિ–રસ અને પ્રદશેના ભેદે કરીને બંધ ચાર પ્રકારે જાણવો.

ઉપરની બે ગાથામાં તપના છ બાહ્ય અને છ

અભ્યંતર એમ કુલ બાર ભેદ જણાવ્યા. આ બાર પ્રકારના તપ દ્વારા જ જીવ અનાદિ કાળના કર્મજાળમાંથી મુક્ત થઇ શકે છે. તપ પરમ નિર્જરાનું કારણ હોવાથી ભવ્ય જીવોએ એક માત્ર આત્મ કલ્યાણના હેતુથી શક્તિ અનુસાર તપ કરવું જ જોઇએ. તપ વિના કર્મક્ષય નથી અને કર્મક્ષય વિના મોક્ષ નથી. આ વાત સતત સ્મરણમાં રાખવા જેવી છે.

## બંધ

આત્મા જ્યારે જ્યારે મિથ્યાત્વ– અવિરતિ– કષાય અને પ્રમાદનો શિકાર બને છે ત્યારે ત્યારે તે બાહ્ય વાતાવરણમાં રહેલી કાર્મણ વર્ગણાને પોતાની પાસે ખેંચે છે. તે કાર્મણ વર્ગણા આત્મા સાથે ક્ષીર–નીર કે લોહ–અગ્નિની જેમ એકમેક થઇ જઇને કર્મસ્વરૂપે ચોંટે છે તેને બંધ કહેવાય છે.

બંધ સમયે એક સાથે ચાર વસ્તુઓ નક્કી થાય છે.

(૧) કર્મનો સ્વભાવ તે પ્રકૃતિબંધ.

(૨) કર્મના કાળનું માપ તે સ્થિતિબંધ.

(૩) કર્મ પદ્ગલના શુભ–અશુભ રસનું તીવ્રમંદ પણું તે રસબંધ.

(૪) કર્મ પુદ્ગલના દળિયાનું માપ તે પ્રદેશબંધ.

**पयइ सहावो वुत्तो, ठिइ काला वहारणं ।**
**अणुभागो रसो नेओ, पअेसो दल संचओ ।।३७।।**

પ્રકૃતિ એટલે સ્વભાવ કહ્યો છે. કાળનો નિશ્ચય તે સ્થિતિ છે. અનુભાગ તે રસ જાણવો અને દલિકનો સંગ્રહ અથવા સમુદાય તે પ્રદેશ જાણવો.

### પ્રકૃતિબંધ :-

જેમ મોદક જુદા–જુદાપ્રકારના હોય છે તેમ એમનો સ્વભાવ પણ અલગ–અલગ પ્રકારનો હોય છે. સુંઠના મોદક કફને ટાળે છે... મેથીના મોદક વાતને ટાળે છે.... ઘી–શક્કરના મોદક પિત્તને શાંત કરે છે.

તેવી જ રીતે બંધાતુ કર્મ પણ આત્માના કોઇ ને કોઇ ગુણને આવરણ કરે છે... ઢાંકે છે. તે કર્મના સ્વભાવને પ્રકૃતિબંધ કહેવાય છે.

### સ્થિતિબંધ :–

મોદક જુદા જુદા પ્રકારના હોય છે તેમ એમનો સારા રહેવાનો કાળ પણ અલગ–અલગ હોય છે. કોઇ મોદક બે દિવસ સારા રહે તો કોઇ મોદક ૧૫ દિવસ સારા રહે. તેવી રીતે કર્મ બંધાય એ જ સમય આ કર્મ આત્મા સાથે કેટલો સમય રહેશે તે નક્કી થઇ જાય છે... કોઇ કર્મ ૪ મહિના... ૬ મહિના... ૧૨ વરસ, ...૨૫ વરસ... સાગરોપમ... પલ્યોપમ સુધી રહે છે. કર્મના આત્માની સાથે રહેવાના કાળ સમયને સ્થિતિબંધ કહેવાય છે.

### રસબંધ :-

મોદકમાં ગળપણ હોવાથી સામાન્યતાથી મોદક ગળ્યા જ કહેવાય છે. છતાં દરેક મોદકની મિઠાસમાં તરતમતાં હોય છે. મેથીના મોદક કડવા હોય છે... એની કડવાસમાં પણ ઓછા–અધિક પણું હોય. તેવી જ રીતે આત્માની સાથે જોડાતા શુભ–અશુભ કર્મના રસમાં તરતમતા હોય છે. કર્મબંધ વખતે રસમાં મંદતા... તીવ્રતા... તીવ્રતરતા... તીવ્રતમતા જોવા મળે છે તેને રસબંધ કહેવાય છે.

### પ્રદેશબંધ :-

મોદકના આકારમાં વિવિધતા જોવા મળે છે. કોઇ મોદક નાનો હોય... કોઇ મધ્યમ હોય... કોઇ મોટો હોય છે. તેમનું વજન પણ જુદું જુદું હોય છે.. એમાં કણ પણ ઓછા–વધુ હોય છે. તેવી રીતે કર્મ બાંધતી વખતે યોગ અનુસાર આત્મા ઓછા વધુ કર્મ દલિકોના સમુહને આત્મા સાથે જોડે છે. તેને પ્રદેશબંધ કહેવાય છે.

**पड पडिहाररसि मज्ज, हडचित्त कुलाल भंडगारीणं ।**
**जह अेअेसिं भावा, कम्माण विज्ञाण तह भावा ।।३८।।**

પાટો, દ્વારપાલ, ખડ્ગ, મદિરા, બેડી, ચિતારો, કુંભાર અને ભંડારી જેવા સ્વભાવો છે. તેવા આઠ કર્મોના પણ સ્વભાવો જાણવા.

શેરડીનો રસ મીઠો... એનો સ્વભાવ મીઠો...

કારેલાનો રસ કડવો..એનો સ્વભાવ કડવો..

મરચાનો રસ તીખો... અને સ્વભાવ તીખો...

આત્માને ચાર ગતિ-ચોર્યાસી લાખ જીવાયોનિમાં ભટકાવનાર કર્મોનો સ્વભાવ કેવો ? અહીં દૃષ્ટાંત સહિત આઠ કર્મપ્રકૃતિઓનો સ્વભાવ જણાવ્યો છે. સમજવા જેવો છે.

આંખમાં જોવાની શકિત છે, પરંતુ ઉપર પાટુ બાંધવામાં આવે તો જોઇ ન શકાય. તેવી જ રીતે આત્મમાં અનંત જ્ઞાન છે પરંતુ એના ઉપર આવરણ આવી જતાં આત્મા અજ્ઞાનમાં અથડાય છે તેથી આંખે બાંધેલા પાટા જેવું છે **જ્ઞાનાવરણીય કર્મ.**

દ્વારપાલ રજા ન આપે તો મહેલમાં કે દરબારમાં બેઠેલા રાજાના દર્શન ન થાય તેવી જ રીતે દર્શનાવરણીય કર્મથી જીવ વિશ્વના પદાર્થો અને વિષયોને જોઇ શકતો નથી તેથી રાજાના દ્વારપાળ જેવું છે **દર્શનાવરણીય કર્મ.**

તલવાર જો મધથી લેપાયેલી છે તો એને ચાટતાં પ્રથમ મીઠો સ્વાદ લાગે (તે શાતા વેદનીય) અને જીભ કપાય (તે અશાતા વેદનીય) તો દુઃખ ભોગવવું પડે. તેથી મધથી ખરડાયેલી તલવાર જેવું છે **વેદનીય કર્મ.**

મદિરા પીવામાં કદાચ ક્ષણિક આનંદ આવે પરંતુ એનો નશો ચઢતાં જીવ વિવેક ગુમાવે છે. શું સારું ? શું ખરાબ ? - શું કરવા જેવું ? શું ન કરવા જેવું ? કશું જાણતો નથી તેવી જ રીતે મોહના નશામાં જીવ ધર્મ-અધર્મ તેમજ હિત-અહિતનો વિવેક ગુમાવી બેસે છે. તેથી મદિરા જેવું છે **મોહનીય કર્મ.**

બેડીથી જકડાયેલો સજા પામેલો ગુન્હેગાર નિયત સમય પહેલા મુક્ત થઇ શક્તો નથી. તેવી જ રીતે આયુષ્ય કર્મ પૂર્ણ ન થાય ત્યાં સુધી એ ગતિમાંથી મુક્તિ ન મળે.... તેથી બેડી જેવું છે **આયુષ્યકર્મ...**

હોંશિયાર ચિત્રકાર જેમ વિવિધ રંગોથીયુક્ત સુંદર દેવ-મનુષ્ય-પશુ-પક્ષી વિગેરેના ચિત્ર દોરે છે તેમ નામકર્મ વિવિધ રૂપ-રંગવાળા અંગ ઉપાંગો યુક્ત દેવ-મનુષ્યાદિ રૂપો બનાવે છે. તેથી ચિતારા સરખું છે **નામ કર્મ.**

કુંભાર કેટલાક સુંદર-માંગલિક કાર્યો માટે ઘડા બનાવે છે જે પૂજાય છે તો કેટલાક ભંભુલા જેવા ઘડા બનાવે છે જે મદિરાદિ માટે વપરાય છે. જે નિંદાય છે. તેવી જ રીતે ગોત્ર કર્મ કેટલાક જીવોને ઉચ્ચ ગોત્રમાં જન્મ આપે છે તે પૂજનિક બને છે. નીચ ગોત્રમાં જન્મ પામે છે તે નિંદનિક થાય છે. કુંભાર જેવું છે **ગોત્ર કર્મ.**

રાજાને દાન આપવાની ઇચ્છા હોય પરંતુ ભંડારીની ઇચ્છા ન હોય તો તે વિઘ્ન નાખી રાજાને અટકાવી શકેતેવું છે અંતરાય કર્મ. તેથી રાજાના ભંડારી જેવું છે **અંતરાય કર્મ.**

કર્મની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓ...

અહિં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય આયુષ્ય ગોત્ર અને અંતરાય કર્મ અનુક્રમે પાંચ, નવ, બે, અઠ્યાવીસ, ચાર, એકસો ત્રણ, બે અને પાંચ પ્રકારવાળા છે.

અહીં આત્માને સંસારમાં ભમાડનાર કર્મની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓ જણાવી છે. આત્માના (સિદ્ધ ભગવંતના) આઠ ગુણો છે એને આવરણ કરનાર એક એક કર્મ છે. આઠ ગુણોને આવરનાર આઠ કર્મની મૂળ પ્રકૃતિઓ છે. અને તેની ૧૫૮ ઉત્તર પ્રકૃતિઓ છે.

કર્મની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓ.

૧. જ્ઞાનાવરણીય કર્મ ૦૫

૨. દર્શનાવરણીય કર્મ- ૦૯

| | | |
|---|---|---|
| ૩. વેદનીય કર્મ – | | ૦૨ |
| ૪. મોહનીય કર્મ – | | ૨૮ |
| ૫. આયુષ્ય કર્મ – | | ૦૪ |
| ૬. નામ કર્મ – | | ૧૦૩ |
| ૭. ગોત્ર કર્મ– | | ૦૨ |
| ૮. અંતરાય કર્મ – | | ૦૫ |
| | કુલ.. | ૧૫૮ |

કુલ ૧૫૮ ઉત્તર પ્રકૃતિઓ છે.

સ્થિતિબંધ– ઉત્કૃષ્ટ અને જઘન્ય.

**नाणे अ दंसणा वरणे, वेअणीअे चेव अंतराअेअ ।**
**तीसं कोडाकोडी अयराणं ठिइअ उक्कोसा ।।४०।।**
**सत्तरिं कोडाकोडी मोहणीअे वीस नाम गोअेसू ।**
**तित्तीसं अयराइं, आउ ट्ठिइ बंध उक्कोसा ।।४१।।**
**बारस मुहुत्तं जहन्ना, वेयणीअे अट्ठ नाम गोअेसु ।**
**सेसाणंत मुहुत्तं, अेयं बंध ट्ठिइ माणं ।।४२।।**

જ્ઞાનવરણીય, દર્શનાવરણીય, વેદનીય તથા અંતરાય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ કોડાકોડી સાગરોપમની છે. ૪૦.

મોહનીય કર્મની સિત્તેર, તથા નામ કર્મ અને ગોત્ર કર્મની વીસ કોડાકોડી અને આયુષ્યકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ કોડાકોડી સાગરોપમની છે. ૪૧.

વેદનીય કર્મની જઘન્ય ૧૨ મુહૂર્ત, નામકર્મની તથા ગોત્રકર્મની ૮ મુહૂર્તઅને બાકીના ૫ ાંચ કર્મની અન્તમુહૂર્ત સ્થિતિ બંધ છે.

પ્રથમની બે ગાથામાં ઉત્કૃષ્ટ તથા ત્રીજી ગાથામાં જઘન્ય સ્થિતિબંધ જણાવવામાંઆવ્યો છે.

ક્રોડ ને ક્રોડથી ગુણવાથી ક્રોડાક્રોડી થાય છે.

૧૦૦૦૦૦૦૦ × ૧૦૦૦૦૦૦૦ =
૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦

| **કર્મ...........** | | **ઉત્કૃષ્ટ સ્થિતિ........** | **જઘન્યસ્થિતિ....** |
|---|---|---|---|
| ૧. જ્ઞાનાવરણીય કર્મ | – | ૩૦ કોડાકોડી સાગરોપમ | અન્તમુહૂર્ત |
| ૨. દર્શનાવરણીય કર્મ | – | ૩૦ કોડાકોડી સાગરોપમ | અન્તમુહૂર્ત |
| ૩. વેદનીય કર્મ | – | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૧૨ મુહૂર્ત |
| ૪. મોહનીય કર્મ | – | ૭૦ કોડાકોડી સાગરોપમ | અન્તમુહૂર્ત |
| ૫. આયુષ્ય કર્મ | – | ૩૩ કોડાકોડી સાગરોપમ | અન્તમુહૂર્ત |
| ૬. નામ કર્મ | – | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૮ મુહૂર્ત |
| ૭. ગોત્ર કર્મ | – | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૮ મુર્હૂર્ત |
| ૮. અંતરાય કર્મ | – | ૩૦ કોડાકોડી સાગરોપમ | અન્તમુહૂર્ત |

# તીર્થંકરોની જીવન યાત્રા

## (શાસનપતિ પ્રભુ મહાવીર)

કચ્છ કેસરી, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ મ.સા.

પ્રભુ શ્રી મહાવીર ભગવાનનો જન્મ થયો...

સર્વત્ર આનંદ... આનંદ... છવાયો...

છપ્પન્ન દિક્કુમારીઓએ આવીને શુચિ કર્મ કર્યું...

ચોસઠ ઇન્દ્રોએ મેરુ પર્વત ઉપર જન્મ મહોત્સવ કર્યો...

સિદ્ધાર્થ રાજાએ ક્ષત્રિયકુંડનગરમાં દસ દિવસનો મહોત્સવ ઉજવ્યો...

બારમા દિવસે નામ પાડ્યું વર્ધમાન...!

જન્મોત્સવ પછી પ્રભુ દાસદાસીઓ સેવકોની મધ્યે સેવાતા... ચંદ્રની જેમ અને કલ્પવૃક્ષના અંકુરની જેમ વૃદ્ધિ પામતાં મહાતેજસ્વી, ચંદ્રસમાન મનોહર મુખવાળા... સુંદર નેત્રવાળા... ભમરા સમાન શ્યામ કેશવાળા, પરવાળા સમાન લાલ ઓષ્ટવાળા... હસ્તિસમાન મનોહર ગતિવાળા, ઉજવળ દંતપંક્તિવાળા, કમળ સમાન સુકોમળ હાથપગવાળા... સુગંધિ શ્વાસોશ્વાસવાળા... દેવોથી પણ અધિક સ્વરૂપવાન... જાતિસ્મરણ મતિ–શ્રુત અને અવધિજ્ઞાનવાળા... આરોગ્યવાળા... ધૈર્ય ગંભીરાદિ ગુણોના ખજાના અને જગતમાં તિલક સમાન એવા પ્રભુ આઠ વર્ષના થયા છતાં બાળવયની રમતગમતમાં જરાપણ રસ ધરાવતાં ન હતા છતાં સમાનવયના બાળકોના અત્યંત આગ્રહથી અને ત્રિશાલામાતાએ પણ કહ્યું – '' અરે વર્ધમાનકુમાર ! તમો ઘરમાંજ કેમ બેસી રહો છો ? બહાર રમવા કેમ જતા નથી?'' એવા માતાના વચનથી માતાને હર્ષ પમાડવા માટે રમવા ગયા. ત્યાં કેટલાક બાળકો રમતા હતા તેમાં એવી શરત હતી કે જે આગળ જઇને સામેના અમલી વૃક્ષને સ્પર્શ કરે તે જીત્યો અને પાછળ રહે તે હાર્યો કહેવાય. અને હારેલો હોય તે પોતાના ખભા ઉપર જીતેલાને બેસાડીને જયાંથી દોડ્યા હોય ત્યાં લઇ જાય. સૌધર્મેન્દ્રે કરેલ વીર પ્રભુના ગુણગાન ન સહન કરી શકવાથી મિથ્યાદષ્ટિ દેવ, કુમારો રમતા હતા ત્યાં આવ્યો અને સાંબેલા જેવા જાડા, બે જીભવાળા, ચમકતા મણિવાળા, ભયંકર ફૂફાડા મારતા, અત્યંત શ્યામવર્ણવાળા, ક્રૂરઆકૃતિ વાળા, મોટી ફેણવાળા, મહાન સર્પનું રૂપ બનાવીને તે રમવાના આમલી વૃક્ષને વીંટાળી દીધું. આવા ભયંકર સાપને જોઇને ભયભીત થયેલા બધા બાળકો નાસી ગયા. ત્યાર બાદ તે દેવે બાળક રૂપે વર્ધમાન કુમારને કહ્યું આપણે બન્ને રમીએ, પ્રભુએ હા કહેવાથી બન્ને સાથે દોડ્યા, તેમાં અનંતબળવાળા પ્રભુ આમલી વૃક્ષને પહેલા જઇને સ્પર્શ્યા અને પકડીને સર્પને દૂર ફેંકી દીધો. પ્રભુ જીત્યા અને દેવ હાર્યા તેથી પ્રભુને પોતાના ખભા ઉપર બેસાડીને તે દેવ ચાલતો થયો, અને પ્રભુને બીવરાવવા તે દેવે પોતાનું શરીર સાત તાલ વૃક્ષ જેટલું ઊંચું કરી દીધું. તે જોઇને ભયભીત થયેલા નાસતા બાળકોએ નગરમાં જઇ કહ્યું કે વર્ધમાનકુમારને કોઇ રાક્ષસ ઉપાડી જાય છે. આ વાત સાંભળી ત્રિશલાદેવી દુઃખ ધરતાં પશ્ચાત્તાપ કરવા લાગ્યા કે, 'અરે ! મેં અભાગણીએ કુમારને રમવા માટે આજે શા માટે બહાર મોકલ્યો ? હવે હું મારા એ પુત્રનું મુખ ક્યારે જોઇશ ? વગેરે બોલી વિલાપ કરવા લાગ્યા.

હવે અહીં પ્રભુએ દેવને વધતો જોઇ અવધિજ્ઞાનનો ઉપયોગ દેવાથી જાણ્યું કે આતો

કોઇ દેવ છે પછી દયા ભાવ છતાં પ્રભુએ તે દેવને શિક્ષા કરવા તેના મસ્તક ઉપર એક હળવી મુષ્ટિ મારી. તે મુષ્ટિ પ્રહારથી અરડાટ શબ્દ કરતો, ચીસો પાડતો દેવ પૃથ્વી પર ઢળી પડ્યો. પછી પ્રભુને નમન કરી તે દેવે કહ્યું કે દેવલોકની સભામાં ઇન્દ્રે જેવા તમારા વખાણ કર્યા હતા તેવાજ તમો પરાક્રમી, બળવાન અને ધૈર્યવાન છો. પામર એવા મેં આપની પરીક્ષા માટે પ્રયત્ન કર્યો, હું આપની એ બદલ વારંવાર ક્ષમા માગું છું. બીજા 'વીર' અને આપ આપના ધૈર્ય અને પરાક્રમથી 'મહાવીર' છો એમ કહીને પ્રભુને મુકુટ તથા કુંડલ આપી દેવ સ્વર્ગમાં ચાલ્યો ગયો. અને પ્રભુએ પણ ઘરે આવીને માતા પિતાને હર્ષ ઉપજાવ્યો.

પ્રભુ આઠ વર્ષના થયા બાદ મોહથી માતાપિતાએ સામાન્ય બાળકોની જેમ પાઠશાળામાં ભણવા મોકલવા માટે શુભ દિવસ, શુભ વેળાએ પાઠશાળામાં મોકલવાની મહોત્સવપૂર્વકની મોટી તૈયારી કરી,

ચતુરંગી સેનાથી પરિવરેલા વીર પ્રભુને પંડિતના ઘરે ભણવા માટે મોટી ધામધૂમથી લાવવામાં આવ્યા ત્યારે પંડિત પણ તિલક કરી સુવર્ણ જનોઇ પહેરી, સ્વચ્છ વસ્ત્રો અને આભૂષણોથી અલંકૃત થઇ વર્ધમાનકુમારની વાટ જોતા બેઠા હતા.

આ વખતે શકેન્દ્રનું સિંહાસન કંપાયમાન થયું, અવધિજ્ઞાનથી કારણ જાણીને ઇન્દ્રે દેવોને કહ્યું કે ત્રણ જ્ઞાનવાળા પ્રભુને પણ બાળક જાણી માતાપિતા સામાન્ય શિક્ષક પાસે ભણવા લઇ જાય છે. એ યોગ્ય જણાતું નથી. જેમ સરસ્વતીને ભણાવવા અને ચન્દ્રને ઉજ્જવળ બનાવવા પ્રયત્ન કરવોએ બરાબર નથી તેમ પ્રભુને પાઠશાળામાં ભણાવવા મોકલવા એ બરાબર નથી.કારણ કે પ્રભુ તો ભણ્યા વિનાજ સર્વ શાસ્ત્રોના પારંગામી છે, હવે પ્રભુને પાઠશાળામાં ભણવા લઇ જવામાં આવ્યા છે તો પ્રભુનો અવિનય ન થાય તેમ કરું. એમ વિચારી બ્રાહ્મણનું રૂપ લઇ ઇન્દ્ર ત્યાં પહોંચીને પંડિતને યોગ્ય એવા આસન ઉપર પ્રભુને બેસાડીને પંડિતના મનમાં જે સંદેહો હતા, તે સંદેહો પ્રભુને ઇન્દ્રે પૂછયા. પંડિત વિચારવા લાગ્યો કે, મારા આવા જટિલ સંદેહોનો ઉત્તર આ બાળક કઇ રીતે આપી શકશે ? પંડિત આવો વિચાર કરે છે. એટલામાં તો વર્ધમાનકુમારે વિસ્તારપુર્વક, સંતોષકારક એ સંદેહોના ઉત્તર આપ્યા એ ઉત્તરોથી આખું જૈનેન્દ્ર વ્યાકરણ તૈયાર થઇ જાય એવા ઉત્તરો આપવાથી પદ્ધતિસરનું જૈનેન્દ્ર વ્યાકરણ તૈયાર થઇ ગયું... પંડિતે વિચાર્યું કે આટલા લાંબા કાળથી જે શંકાઓ દૂર થતી ન હતી તે શંકાઓને આ બાળકે ક્ષણવારમાં દૂર કરી દીધી. પંડિત અને લોકો વિચારવા લાગ્યા કે આ બાળક આટલું જ્ઞાન ક્યાં ભણેલ હશે ? 'અરે ! આટલું જ્ઞાન છતાં એ બાળકમાં કેટલી બધી ગંભીરતા છે. વળી પંડિતે વિચાર્યું કે મહાત્માઓ આવાજ હોય એમને ગર્વ ન હોય, શરદઋતુઓનો મેઘ ગર્જના કરે છે પણ વરસતો નથી. જયારે વર્ષા ઋતુનો મેઘ ગર્જના વિના પણ વરસે છે. વગેરે ચિંતવતાં પંડિતને ઇન્દ્રે કહ્યું કે પંડિતજી તમે આ બાળકને સામાન્ય બાળક માનશો નહિ, એમને તો ત્રણ લોકના નાથ અને સકલ શાસ્ત્રોના પારંગામી મહાવીર પરમાત્મા માનશો. એમ કહી ઇન્દ્ર પોતાના સ્થાને ચાલ્યા ગયા.

અનુક્રમે પ્રભુ બાલ્યાવસ્થાને વટાવી યૌવન અવસ્થાને પામ્યા. આ સમયે પ્રભુના માતપિતાએ પરણવાનો આગ્રહ કરતાં વર્ધમાનકુમારે પોતાના ભોગાવલી કર્મ બાકી રહેલા જાણી વિરોધ ન કર્યો. એટલે માતાપિતાએ શુભ દિવસે શુભ મુર્હૂતે સમરવીર રાજાની યશોદા નામની પુત્રી સાથે પરણાવ્યા, પછી પ્રભુને પ્રિયદર્શના નામે પુત્રી થઇ, એ પ્રિયદર્શના પુત્રીને પોતાની બહેનના પુત્ર જમાલી સાથે પરણાવી. તેણીને શેષવતી નામે પુત્રી થઇ.

શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના પિતા કાશ્યપ ગોત્રવાળા હતા. તેમના ત્રણ નામો આ પ્રમાણે હતા સિદ્ધાર્થ, શ્રેયાંસ અને યશસ્વી.

શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુની માતા વાસિષ્ઠ ગોત્રના હતા તેમના ત્રણ નામો આ પ્રમાણે હતા ત્રિશલા, વિદેહદિન્ના, પ્રીતિકારિણી.

શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુના કાકા સુપાર્શ્વનામે હતા. નંદિવર્ધન નામે મોટા ભાઈ હતા. સુદર્શના નામે બહેન હતી અને કૌડિન્ય ગોત્રવાળી યશોદા નામે પત્ની હતી. પ્રભુની દીકરી કાશ્યપ ગોત્રની હતી તેનાં અણોજ્જા અને પ્રિયદર્શના એ બે નામ હતાં. પ્રભુની દોહિત્રી એટલે દીકરીની દીકરી કાશ્યપ ગોત્રની હતી તેનાં શેષવતી અને યશસ્વતી એ બે નામ હતાં.

શ્રી વીર ભગવાન ત્રીશ વર્ષ સુધી ગૃહવાસમાં રહ્યા. પ્રભુ જયારે અઠ્યાવીસ વર્ષના થયા ત્યારે શ્રી પાર્શ્વનાથ પ્રભુના ભકત શ્રાવક એવા શ્રી વીરપ્રભુના માતાપિતા અનશન કરી મરણ પામી ચોથા માહેન્દ્ર દેવલોકમાં ગયા તેથી પોતાનો અભિગ્રહ પૂર્ણ થયો જાણીને પ્રભુએ પોતાના મોટાભાઈ નંદિવર્ધન રાજાને કહ્યું કે, મારો અભિગ્રહ પૂર્ણ થયેલ છે તેથી હું દીક્ષા લઉ છું. એ સાંભળી નંદિવર્ધન રાજાએ કહ્યું કે, 'અરે ભાઇ ! ક્ષત ઉપર ક્ષાર ન નાખ; એકતો માતાપિતાના વિરહનું દુઃખ છે તે પર વળી તમો દીક્ષા લ્યો તો તમારા વિરહનું દુઃખ આવે તે મારાથી કેમ સહન થાય ? પ્રભુએ કહ્યું 'અરે ભાઇ ! આ જીવની સાથે સર્વે જીવોનો પિતા, માતા, ભાઈ, બહેન, વગેરેપણે અનેકવાર સંબંધ થયો છે અને વિયોગ થયો છે તો આ સંસારના ક્યા સંબંધનો આગ્રહ રાખી શકાય ? બધા સંબંધો ક્ષણિક છે. એ સાંભળી નંદિવર્ધન રાજાએ કહ્યું કે ભાઇ તમો કહો છો તે સંપૂર્ણ સત્ય છે પરંતુ તમો મને એટલા બધા પ્રિય છો કે તમારો વિરહ મને અત્યંત સંતાપકારક થઇ પડશે. તેથી મારી શાન્તિ માટે પણ તમો બે વર્ષ ઘરમાં રહો તો સારૂં. પ્રભુએ અવધિજ્ઞાનથી પોતાના દીક્ષા કાળને બે વર્ષની વાર છે એમ જાણીને ભાઈને કહ્યું કે, ભલે એમ થાઓ. પરંતુ હવેથી મારા માટે કોઈપણ જાતનો આરંભ કરશો નહીં. હું પ્રાસુક આહાર વડે એકાસણા કરી મારા શરીરનો નિર્વાહ કરીશ. પછી પ્રભુ બ્રહ્મચર્ય વ્રત પાળવા લાગ્યા, સ્નાન શણગારનો ત્યાગ કરી એકાંતમાં ધ્યાનમગ્ન રહેવા લાગ્યા... તેમજ વૈરાગ્ય રંગીત બની સમય પસાર કરવા લાગ્યા...

હવે બે વર્ષમાંથી એક વર્ષ દીક્ષા લેવાને બાકી રહ્યું ત્યારે બ્રહ્મદેવલોક નિવાસી લોકાંતિકદેવોએ પ્રભુ પાસે આવીને ઈષ્ટ એવી ગુણવાળી મનોહર વાણીથી નિરંતર ગુણગાઈ સ્તવીને આ પ્રમાણે કહ્યું, હે ઉત્તમ ક્ષત્રિય ! તમે જયવંતા વર્તો જયવંતા વર્તો હે ત્રિલોકનાથ ! તમે પ્રતિબોધ પામો અને વિશ્વના સર્વ જીવોને હિતકારી એવા ધર્મતીર્થને પ્રવર્તાવો.

પ્રભુને દીક્ષા લેવાને એક વર્ષ બાકી રહ્યું ત્યારથી પ્રભુએ દરરોજ સૂર્યોદય થયાથી આરંભીને સવાપહોર દિવસ ચડે ત્યાં સુધી વાર્ષિકદાન આપવા માંડ્યું. એ સમયમાં પ્રભુ દરરોજ એક ક્રોડ અને આઠ લાખ સોનૈયાનું દાન દેવા લાગ્યા, સાથે વસ્ત્રો, આભૂષણો મણિરત્નો, મુક્તાફળો, અને મેવા મીઠાઈનું પણ દરરોજ દાન દેવા લાગ્યા. નગરના દરેક રસ્તે અને શેરીએ શેરીએ ઢંઢેરો પીટાવી ''જેને જે જોઇએ તે લઇ જાવ' એવી ઉદ્‌ઘોષણા કરાવી. પ્રભુદાન આપે ત્યારે ઈન્દ્ર દેવોને આદેશ કરી ભંડારોને ભરાવી રાખે, અહીં દાન દેવાના છ અતિશય કહે છે. સૌધર્મેન્દ્ર તીર્થંકરના હાથમાં સ્થિતિકરે, ઈશાનેન્દ્ર સુવર્ણની છડી હાથમાં રાખી દેવોને દાન લેતા નિવારે, અને મનુષ્યના લલાટમાં હોય તેટલું જ તે માગે એવી

**અનુસંધાન પેજ- ૧૬ ઉપર**